शेठ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર

# સંનિધિ

વર્ષ: ૧૧, અંક:૨૬, માર્ચ-૨૦૨૨, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૬. ફોન:૨૬૪૬૩૫૧૧, ૨૬૪૬૩૬૯૬
ઈ-મેઈલ: cndirectorsoffice@cnvidyavihar.edu.in – વેબસાઈટ: www.cnvidyavihar.edu.in

## સામાજિક-ભાવનાત્મક કૌશલ્ય : શાળા અને ઘર : બાળકો માટે એક મહત્ત્વપૂર્ણ સંસ્થા

શાળામાં અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં તેમજ ઘરે રોજ-બરોજના વ્યવહારમાં બાળકોને ભાગીદાર બનાવવામાં આવે અને તેમની સાથે ભરોસાયુક્ત વ્યવહાર કરવામાં આવે ત્યારે બાળકો આત્મવિશ્વાસ અનુભવે છે.

બાળકોના ભણતર અને સ્વ-વિકાસ પ્રત્યેના પ્રેમને ઉત્તેજીત કરવા માટે વર્ગખંડોને ફરીથી ડિઝાઇન કરવાની જરૂર છે. માતા-પિતા સાથેની ઘણી વાતચીત દરમિયાન, હું હંમેશા એક પ્રશ્ન પૂછું છું, 'તમારા બાળકોને એક સેલિબ્રિટી તરીકે, વર્ષો પછી માઈક પકડેલા હોય તેવું વિઝ્યુઅલાઈઝ કરો. તમે તેમના જીવનમાં તમારા મુખ્ય યોગદાન તરીકે તેઓ શું કહે તેવું ઈચ્છો છો?' દરેક માતા-પિતાનો જવાબ આશ્ચર્યજનક રીતે સમાન હતો. મેં માતા-પિતાને કહેતા સાંભળ્યા કે, 'હું ઈચ્છું છું કે મારું બાળક કહે કે મારા માતા-પિતા મારી પડખે ઊભા હતા અને છે; જ્યારે બીજા બધાએ ના પાડી ત્યારે તેઓએ મારામાં વિશ્વાસ કર્યો.' તેઓએ એમ પણ કહ્યું કે બાળકે અમે તેમનામાં સિંચેલા મૂલ્યો, સંબંધો અને લાગણીઓ ગર્વથી યાદ કરવી જોઈએ. આવી જ લાગણીઓ શિક્ષકો પણ તેમના વિદ્યાર્થીઓ પાસેથી ઈચ્છે છે; તેઓએ કેવી રીતે વિદ્યાર્થીને હંમેશાં તેઓ મહત્વપૂર્ણ છે તે સમજાવ્યું; તેમને નિર્ણયો લેવા અને સમસ્યાઓ હલ કરવાની મંજૂરી આપી તેમજ ધ્યેય સુધી પહોંચવા માટે માર્ગદર્શન આપ્યું. માતા-પિતા અને શિક્ષકોએ બાળકોમાં તેમના મૂલ્યો, ઊર્જા અને સમયનું રોકાણ કરવાની જરૂર છે. અહીં નોંધનીય મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે માતા-પિતા અને શિક્ષકો બંને એવા કૌશલ્યો વિશે વાત કરી રહ્યા છે જે સામાજિક-ભાવનાત્મક કૌશલ્ય (SEL) હેઠળ આવે છે.

એરિસ્ટોટલે કહ્યું છે કે, "શિક્ષણનો ઉદ્દેશ્ય 'ચારિત્ર્યની સારીતા' અને બુદ્ધિના 'સારાપણા' દ્વારા વર્ગીકૃત થયેલ વ્યક્તિઓના વિકાસને સુનિશ્ચિત કરવાનો છે." સંસ્કૃતમાં, આપણે કહીએ છીએ, 'વિદ્યા દદાતિ વિનયમ્', જેનો અર્થ છે કે શિક્ષણ નમ્રતા લાવે છે. કમનસીબે, ચારિત્ર્ય નિર્માણમાં શિક્ષણે પાછળનું સ્થાન લીધું છે. સમગ્ર ધ્યાન શૈક્ષણિક પ્રદર્શનને મહત્તમ કરવા પર હોય તેવું લાગે છે. ટકાઉપણાં માટે શિક્ષણને રૂપાંતરિત કરવા માટે વ્યવસ્થિત અભિગમની જરૂર છે. શિક્ષકોએ બ્રોડકાસ્ટર બનવાનું ટાળવું જોઈએ અને સ્વીકારવું જોઈએ કે જ્ઞાનના ઘણા વૈકલ્પિક સ્ત્રોતો છે. શિક્ષણશાસ્ત્રએ અનુમાનિતતાથી દૂર રહેવું જોઈએ અને જિજ્ઞાસા, નવીનતા અને સહભાગિતાને પ્રોત્સાહિત કરવી જોઈએ. શાળાઓ એ છે, કે જ્યાં વિદ્યાર્થીઓ જવાબદાર નાગરિક બનવાનું શીખે છે અને સમુદાયના, સમાજના વિકાસમાં જોડાય છે. યુએનના ૧૭ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) એ નવા વર્ગખંડના ઉદ્દેશ્યો છે- જેમાં માસ્લો અને બ્લૂમ બંનેનો સમાવેશ થાય છે - જેની આસપાસ નવા શિક્ષણશાસ્ત્ર અને મૂલ્યાંકનો ફરવા જોઈએ. માનસિકતામાં પરિવર્તન લાવવાનું કાર્ય પરિવર્તનશીલ શાળાઓ અને પરિવર્તનશીલ નેતૃત્વ દ્વારા, સકારાત્મક ફેરફારોનો અનુભવ કરીને અને સુવિધા આપીને કરી શકાય છે. સ્પષ્ટ વિઝન, સકારાત્મક સંસ્કૃતિ, સહભાગી નિર્ણય અને અનુભવજન્ય શિક્ષણની શ્રેષ્ઠ પ્રથાઓ ધરાવતી શાળાઓમાં ફેરફાર કરવાની ઉચ્ચ તકો હોય છે.

સકારાત્મક ધ્યેયો નક્કી કરવા અને હાંસલ કરવા માટે બાળકોની લાગણીઓને ઓળખવી અને તેનું જતન કરવું, સકારાત્મક સંબંધો જાળવવા માટે સહાનુભૂતિ વિકસાવવી અને જવાબદાર નિર્ણયો લેવા એ સામાજિક-ભાવનાત્મક શિક્ષણ અને વિકાસ પ્રક્રિયાના મૂળમાં છે. શિક્ષકો તરીકે, આપણે પૂરા દિલથી સ્વીકારવું જોઈએ કે સફળતા માટે SEL યોગ્યતાઓ જરૂરી છે. વર્ગખંડની ચર્ચાઓનું પુનર્ગઠન કરીને અને મુક્તપણે પોતાની જાતને વ્યક્ત કરવા અને તેના પર પ્રતિક્રિયાઓ વ્યક્ત કરવા માટે સંદર્ભો બનાવીને SELમાં વિદ્યાર્થીઓને જોડવા માટે આપણે શિક્ષણશાસ્ત્રની પ્રથાઓ વિકસાવવાની જરૂર છે. બાળકોને તેમના વર્તન-પરિવર્તન માટે પ્રોત્સાહિત કરો.

શૈક્ષણિક, સામાજિક અને ભાવનાત્મક શિક્ષણ (CASEL-The Collaborative for Academic, Social, and Emotional Learning)ના સહયોગ, જે SEL શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે અગ્રણી સંસ્થાઓમાંની એક છે, તેણે જીવનમાં સફળ થવા માટે પાંચ નિર્ણાયક મુખ્ય ક્ષમતાઓને ઓળખી છે; સ્વ-જાગૃતિ, સ્વ-વ્યવસ્થાપન, જવાબદાર નિર્ણય લેવાની ક્ષમતા, સંબંધ કૌશલ્ય અને સામાજિક જાગૃતિ. અભ્યાસક્રમ, શિક્ષણશાસ્ત્ર અને વર્ગખંડના પડકારો અંગેની આપણી સમજણને પુનઃસ્થાપિત કરવા માનસિક પરિવર્તન ખૂબ જ જરૂરી છે. આનાથી શિક્ષકોમાં વૈશ્વિક દ્રષ્ટિકોણ વિકસે છે અને વિદ્યાર્થીઓને સમાજમાં ઉચ્ચ-મૂલ્યપૂર્ણ યોગદાન આપવા માટે પ્રોત્સાહિત કરે છે.

કોવિડ મહામારીના સમયમાં SELનું મહત્ત્વ આપણે સહુ સમજી શક્યા છીએ. આવો, આપણે સહુ સાથે મળીને શિક્ષણના માધ્યમથી બાળકોના સામાજિક-ભાવનાત્મક કૌશલ્યને વિકસાવવા અને મજબૂત બનાવવા માટે પ્રતિબધ્ધ થઈએ.

**– ડૉ. વૈશાલી શાહ, નિયામક, શેઠ ચી. ન. વિદ્યાવિહાર**

**પ્રકાશકઃ- ડૉ. વૈશાલી શાહ**
**સંપાદક મંડળ:- બિમલ રાવલ, ડૉ. ભગવાન પટેલ, હિતેન્દ્ર ત્રિવેદી, હેતલ ઉપાધ્યાય.**

# “વિદ્યાવિહારનું ગૌરવ”



## જગત કીનખાબવાલા

**૧૯૭૨ (ઓલ્ડ એસએસસી ), બીકોમ, એમબીએ (ફાઇનાન્સ).**

શેઠ ચી. ન. વિદ્યાવિહાર એટલે વિશાળ અને વૈવિધ્ય સભર શૈક્ષણિક સંકુલ. જયારે ત્યાં અભ્યાસ શરુ કર્યો ત્યારે ધીરેધીરે સંકુલની જીવસૃષ્ટિની અપાર વિવિધતા સમજાઇ.

ઇકોસિસ્ટમ (નિવસન તંત્ર) એટલે કુદરતમાં જૈવિક ઘટકો જેવા કે પ્રાણીઓ, વનસ્પતિઓ અને સુક્ષ્મ જીવો તેઓની આસપાસના ઘટકો જેવા કે પાણી, વાયુ, જમીન, પ્રકાશ વગેરે સાથે જટિલ રીતે જોડાઇને એક સ્વયં સચાલિત તંત્રની રચના કરે છે અને તે તંત્ર કે પ્રણાલી જે ચી. ન. વિદ્યાવિહારમાં માણવાની અને નાનપણથી જ સમજવાની વાતાવરણમાંથી અમૂલ્ય તક મળી.

જ્યારે ૨૦૦૮ની સાલમાં મારા ધ્યાન ઉપર આવ્યું કે વિશ્વમાં સ્પેરો (ઘર ચકલી) નામશેષ થઇ રહી છે, ત્યારે મનમાં એક નિરાશા અને અંધારું છવાયું કે આ શું અને કેમ થઇ ગયું!

સ્પેરો (ઘર ચકલી)નો સ્વયં અભ્યાસ કરી આ એક નાના જીવની સંખ્યા વધારવાના કામે લાગી ગયો. ધીરે ધીરે ઘણી સફળતા મળી અને તેમના જીવનના દરેક પાસા ઉપર ઊંડો અભ્યાસ અને તેઓની સંખ્યા કેવી રીતે વધી શકે છે તેનો અનુભવ સાથે એક પુસ્તક “સેવ ધ સ્પેરો” ૨૦૧૫ના વર્ષમાં લખ્યું.

આ પુસ્તકનો ઉલ્લેખ અને સરાહના ભારતના માનનીય પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેમના પ્રખ્યાત કાર્યક્રમ મન કી બાતમાં કરી, એક સરાહનીય અંગત પત્ર લખ્યો અને તે સાથે ચકલી બચાઓ જુમ્બેશની સફળતાને લઈને લોકોએ નવી ઓળખ આપી સ્પેરો મેન. આ પુસ્તકની ૪ આવૃત્તિ બહાર આવી ગઈ છે.

સ્પેરો બચાવવાની ઝુંબેશના પ્રચાર - પ્રસાર માટે આજ સુધી ૨૩૯ કરતાં વધારે ઓડિયો - વિઝ્યુઅલ શો/સેશન્સ કર્યા છે અને આ પ્રવૃત્તિ હજુ પૂર જોશમાં ચાલી રહી છે. ગુજરાતના રાજ્યપાલશ્રી, ઈસરો, ગવર્મેન્ટના ક્લાઈમેટ ચેઇન્જ વિભાગ, ટાટા કન્સલ્ટન્સી, સેપ્ટ યુનિવર્સીટી, એનઆઈડી, રત્નમણિ મેટલ્સ એન્ડ ટ્યુબ્સ લિમિટેડ જેવી અનેક નામાંકિત સંસ્થાઓ, શાળાઓ અને કોલેજમાં વક્તવ્ય આપ્યા છે. સી. એન. વિદ્યાવિહારના વિવિધ વિભાગમાં ચાર વક્તવ્ય આપેલ છે. દેશભરમાં ટીવી અને રેડીયોમાં ૧૨૫થી વધારે ઇન્ટરવ્યૂ આપેલ છે. તેમજ દેશ અને દુનિયામાં ૩૦ થી વધારે ઓન લાઈન સેશન્સ કર્યા છે.

આ ઉપરાંત અમેરિકામાં ૨૦૧૯માં ન્યૂયોર્કમાં વૈશ્વિક ફલક ઉપર વર્લ્ડ ગ્રીન સ્કુલ કોન્ફરન્સમાં સરાહનીય વક્તવ્ય આપ્યું હતું અને યુએસના એશિયા ટીવી માં ૧.૩૦ કલાકનો લાઇવ પાર્ટીસિપેટિવે ટોક શો કર્યો હતો.

હાલમાં સર્વવ્યાપી અભ્યાસ અને પ્રચાર માટે સેવ ધ સ્પેરો વિષય એક દસ્તાવેજી ફિલ્મ બનાવી રહ્યો છું. જેની મદદથી ચકલી બચાવો ઝુમ્બેશને સર્વત્ર વેગ મળશે. આ ફિલ્મમાં તેના જીવન વિશેની વિગતવાર માહિતી હશે.

૨૦૨૧ સુધીમાં ૧.૨૫ લાખ માળા નિ:શુલ્ક વહેંચ્યા છે અને તેમાંથી જાતે ઉતારેલા અને લોકોએ ઉતારેલા ૭૫૦૦ થી વધુ વિડિયો ભેગા થયા છે અને તેનું ડોકયુમેન્ટ કરેલું છે. ૧.૫૦ લાખ કરતા વધારે ચકલીનો જન્મ ફક્ત એક વ્યક્તિના કારણે શક્ય બનેલ છે અને મહેનત લેખે લાગી છે. આજે સંતોષ સાથે કહી શકાય કે સ્પેરો/ ચકલીને આવા સતત ચાલતા પ્રયાસથી નામશેષ નહિ થવા દેવાય.

હાલમાં માણસની પ્રકૃતિના દરેક જીવ સાથે સહઅસ્તિત્વની ભાવના જગાડવા માટે ફરી “કુદરતના ખોળે” નામની મારી લખેલી એક લેખમાળા ચાલે છે જેમાં આસપાસના વૃક્ષો અને પક્ષીઓ વિષે રસપ્રદ વૈજ્ઞાનિક માહિતી ફોટોગ્રાફ્સ અને વિડિયો સાથે હોય છે. આ લેખમાળા પણ સેવ ધ સ્પેરો પ્રવૃત્તિની જેમ ખુબજ પ્રચલિત અને ઉપયોગી થઇ રહી છે અને સાથે પ્રકૃત્તિના બીજા બધા જીવની સંખ્યા વધારવામાં મદદરૂપ થઇ રહી છે. આજ સુધીમાં ૪૫ લેખ સોસીયલ મીડિયામાં વિવિધ જગ્યાએ પ્રકાશિત થઇ ચુક્યા છે.

બનાસકાંઠાના છેવાડાના પછાત ગામડાઓમાં એજયુકેશનના ધોરણને ઊંચે લાવવા માટે અને લોકો બાળકોને ભણાવે તે માટે કરેલા મારા સેવાકીય કામની નોંધ વૈશ્વિક ધોરણે યુનિસેફ સંસ્થાએ ડોકયુમેન્ટ કરી છે.

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ક્લચરના એનજીઓ ઇન્ડિયન સોસીઅલ રિસ્પોન્સિબિલિટી નેટવર્કે એક અંગ્રેજીમાં પુસ્તક બહાર પાડ્યું જેનું વિમોચન ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી વેંકઈયા નાયડુના વરદ્ હસ્તે ફેબ્રુઆરી ૧૨, ૨૦૧૯ના રોજ દિલ્હીમાં થયું હતું. તે પુસ્તકમાં મારા “સેવ ધ સ્પેરો” કામનો સમાવેશ થયો છે. કુલ ૭૫ વ્યક્તિના વિવિધ વિષયના કામ સાથે હવે તે પુસ્તક ભારતની ૩૬ ભાષામાં અનુવાદ થઇ રહ્યું છે. જેનાથી આ પ્રવૃત્તિને વેગ મળશે. હાલમાં ઇન્ડિયન સોસીઅલ રિસ્પોન્સિબિલિટી નેટવર્કના સલાહકાર તરીકે મારી વિશિષ્ટ નિમણૂંક થઇ છે, જે ગર્વની વાત છે.

ચી. ન. વિદ્યાવિહારની કેળવણી અને સંસ્કારને ઉજાગર કર્યા છે, વિવિધ ક્ષેત્રમાં કરેલા કામ જીવનને સાર્થક કરે છે. અને સમાજને કશુંક પાછું આપી શક્યો તેવી સંતોષની લાગણી મને અને મારા કુટુંબને થાય છે જેઓ હંમેશા દરેક કાર્યમાં ખભેખભા મિલાવી કામ કરે છે.

હજુ પણ ચી. ન. વિદ્યાવિહારની યાદ આવે ત્યારે ત્યાં જઈ આવ-વાનું અને પ્રાર્થના મંદિરમાં બેસી મનમાં પ્રાર્થના કરી લેવાની અને શાળાને અને બાળકોને પણ કંઈક પાછું આપવાની ખેવના પ્રબળ જળવાઈ રહી છે. હાલમાં ચી. ન. વિદ્યાવિહારની જીવ વિવિધતા ઉપર ડોકયુમેન્ટેશનનું કામ હાથ ધરેલું છે જેનો શાળાના શિક્ષણથી શરુ કરી આગળ ઉપર કાયમી દસ્તાવેજ બનાવવામાં આવશે. સમાજ માટેના દરેક કામ સમાજને કશુંક પાછું આપવાની ભાવનાથી નિ:શુલ્ક કરવામાં આવી રહયા છે.

- શ્રી જગત કીનખાબવાલા

# વિશ્વ માતૃભાષા દિવસે ચી.ન. વિદ્યાવિહારના પ્રાર્થના મંદિરમાં યોજાયેલી સભાનો અહેવાલ

ગુજરાતમાં પ્રજાકીય ધોરણે માતૃભાષા ગુજરાતી વિદ્યાપીઠની સ્થાપના કરવાના પ્રયોજનની ચર્ચા કરવા માટે ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૨૨ સોમવારના રોજ, વિશ્વ માતૃભાષા દિવસે ચી. ન. વિદ્યાવિહારના પ્રાર્થના મંદિરમાં સભા યોજાઈ હતી.

જાણીતા ગાયક અને સ્વરકાર સૌમિલ મુન્શીએ ગણપતિની સ્તુતિ સાથે સભાનો શુભારંભ કર્યા બાદ તેઓએ ખબરદારની જાણીતી કૃતિ, જ્યાં જ્યાં વસે એક ગુજરાતી...નું મનમોહક ગાન કરીને સુંદર વાતાવરણ બનાવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં માતૃભાષા ગુજરાતી વિદ્યાપીઠ (સૂચિત) ના સંયોજક અને આ સભાનો વિચાર જેમને આવ્યો હતો તેવા રમેશ તન્નાએ ભૂમિકા રજૂ કરી હતી. વિશ્વ અને ભારતમાં ક્યાં ક્યાં માતૃભાષાની યુનિવર્સિટીઓ છે તેની તેમણે માહિતી આપી હતી.

તેમણે કહ્યું હતું કે, આપણે ગુજરાતમાં પ્રજાકીય ધોરણે માતૃભાષા ગુજરાતી વિદ્યાપીઠની સ્થાપના કરીશું. એ માટે આ વિશ્વમાં જે જે વ્યક્તિ ગુજરાતી ભાષા બોલે છે, તેની પાસેથી ઓછામાં ઓછો એક રૂપિયો ઉઘરાવીશું. દરેક વ્યક્તિની મદદથી જ આ વિદ્યાપીઠ સ્થાપીશું. કોઈને એવું ન થવું જોઈએ કે, અમે આમાં કશું નથી આપ્યું. અમે પણ આ વિદ્યાપીઠની સ્થાપનામાં ભાગીદાર છીએ તેવું વિશ્વમાં વસતા દરેક ગુજરાતીને થવું જોઈએ. તેમણે કહ્યું હતું કે, પરિસ્થિતિ ગમે તેવી હોય, પરંતુ હજી પણ ગુજરાતીઓના હૃદયમાં માતૃભાષા માટે પ્રેમ છે જ એ પ્રેમ જ આ વિદ્યાપીઠનું નિર્માણ કરાવશે.

અન્ય સંયોજક અને ચી. ન. વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલીબેન શાહે દરેકનું સ્વાગત કરીને જણાવ્યું હતું કે, આ એક કરવા જેવું કામ છે અને આપણે બધા સાથે મળીને કરીશું. તેમણે ઉમેર્યું હતું કે, વિદ્યાવિહારને ને આવા પ્રકલ્પ માટે કામ કરવાની તક મળે એ યોગ્ય છે કારણ કે અમારી સંસ્થાનું આ જ કાર્ય છે.

મનસુખ સલ્લાએ થાય તો કરીએ એમ નહીં, પરંતુ કરીએ તો થાય એ અભિગમ સાથે આ વિદ્યાપીઠ સ્થાપવી જોઈએ. વિપરિત સંજોગોમાં ગુજરાતના ખૂણે ખૂણે ઉત્તમ કામ કરતા શિક્ષકોનું તેમણે સ્મરણ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, માતૃભાષાની ઉપેક્ષા આપણને મોંઘી પડી રહી છે. આ કાર્ય થશે જ તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી.

જાણીતા કેળવણીકાર અને ભાષાવિદ્ ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજાએ પણ આ પ્રસંગે ઉત્તમ મુદ્દાઓ રજૂ કર્યા હતા. કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહ વિના, સંપૂર્ણ સ્પષ્ટતા સાથે કાર્ય કરવાનું તેમણે સૂચન કર્યું હતું.

પ્રમોદભાઈ શાહે જણાવ્યું હતું કે, લોકોમાં માતૃભાષાની જાગૃતિ આવે અને લોકો સક્રિય થાય તે માટે રૂબરૂ સભાઓ રાખવી જોઈએ.

ધરમપુર (તાલુકો કડી, જિ. મહેસાણા)થી આવેલા આચાર્ય ડૉ. ધર્મેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, આ વિદ્યાપીઠ ગામડાંમાં થાય તે વધારે યોગ્ય ગણાશે.

સૌમિલભાઈએ જણાવ્યું હતું કે, માધ્યમો ગુજરાતી ભાષાને ગંભીરતાથી લે તેવા પ્રયત્નો કરવાની જરૂર છે તો ફાલ્ગુનીબહેન પરીખે સરકારનું માતૃભાષા માટેનું વલણ સઘન અને સ્પષ્ટ થાય તેવો આગ્રહ રાખ્યો હતો. જાણીતાં ગાયિકા હેતલબહેન મોદીએ આ પ્રસંગે જૂની રંગભૂમિની એક રચના અભિનય સાથે રજૂ કરી હતી.

ચી. ન. વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી અને જાણીતા ટેક્નોક્રેટ પ્રણવ મહેતાએ જણાવ્યું હતું કે, માતૃભાષા દરેક ક્ષેત્રમાં ખૂબ ઉપયોગી થાય છે. માતૃભાષા સાથે જે બાળક ભણે છે તે વિશ્વમાં ક્યાંય પાછું પડતું નથી. તેમણે જણાવ્યું હતું કે, આ એક મહત્વના ઉપક્રમને આયોજન સાથે આગળ વધારવો જોઈએ.

આ કાર્યક્રમમાં છેલ્લે વિદ્યાવિહારના મોભી ટ્રસ્ટી શ્રી સૌભાગ્યચંદ શાહ પણ જોડાયા હતા.

કાર્યક્રમના અંતે દીપ પ્રાગટ્ય થયું હતું. દરેક વ્યક્તિ છૂટી પડે ત્યારે હૃદયમાં માતૃભાષાનું અજવાળું લઈને જાય તેવું આયોજન કરાયું હતું.

કાર્યક્રમના અંતે નક્કી થયું હતું કે, દર મહિનાના છેલ્લા શનિવારે માતૃભાષા ગુજરાતી વિદ્યાપીઠ (સૂચિત) માટે નિયમિત મળવું.

આલેખનઃ રમેશ તન્ના

## "જીવન"

જીવન એક કોરું પુસ્તક
લખેલું ઘણુ વાંચી શકાય કંઈ નહીં
જીવન અનેક ઉડતી પતંગો
પકડવા જઈએ પકડી શકાય કંઈ નહીં
જીવન એક સુંગધનો દરિયો
માણવા જઈએ માણી શકાય કંઈ નહીં
જીવન અનેક રંગોની રંગોળી
રંગવા જઈએ રંગી શકાય કંઈ નહીં
જીવન અનેક સુરોનો સંગમ
સાંભળવા જઈએ સાંભળી શકાય કંઈ નહીં
જીવન અનેક યાદોનો ભંડાર
યાદ કરીએ સ્મરણમાં કંઈ નહીં

આનંદીબહેન મકવાણા
મ. શિક્ષિકા, શેઠ ચી. ન. વિદ્યાલય

## NIGHT TO REMEMBER

On the top of the ferris wheel, the world look smaller
The stars shine brighter and the route looks normal,
It radiates beauty and oh, the things I never imagined
It's like I was born again and all that stuff, it happened
The city looks blithe and then the wheel stops,
It becomes brassy and the peace drops.
Then out of nowhere the police hops
Then in a moment, the reality whops.

**Manushi Trivedi**
Std-VIII-B, CNEM

# પૂર્વ વિદ્યાર્થીનું વિદ્યાવિહાર સાથે જોડાણ

વિશ્વ સ્તરના સોલર વિઝનરી, શેઠ ચી. ન. વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી, નેશનલ સોલર એનર્જી ફેડરેશન ઓફ ઈન્ડિયાના ચેરમેન અને ગ્લોબલ સોલર કાઉન્સીલના પૂર્વ ચેરમેન શ્રી પ્રણવ આર. મેહતાના વક્તવ્યનું તાઃ ૨૬.૨.૨૦૨૨ના રોજ સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં આયોજન કરવામાં આવ્યું હતું. કોરોના મહામારીના લગભગ ૨ વર્ષના અંતરાય બાદ હવે પરિસર વિદ્યાર્થીઓથી પુનઃ ધબકતું થયું હોવાથી આ આયોજન શક્ય બન્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહ, વિદ્યાલયના કાર્યકારી આચાર્ય ડૉ. વિભા નાયક, શિક્ષકગણ અને વિદ્યાલયના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

શ્રી પ્રણવભાઈ વિશ્વ સ્તરે Solar Visionary અને Climate Changeના પ્રણેતા તેમજ પર્યાવરણવાદી તરીકે ખૂબ નામના ધરાવે છે અને ભારતના સોલરમેન તરીકે ઓળખાય છે. તેમની સિધ્ધિઓ સામે તેમનું વ્યક્તિત્વ અતિ સરળ અને સાદગીભર્યું છે. તેઓ વિદ્યાલયમાં મહામંત્રી હતા ત્યારે ત્વરિત નિર્ણયશક્તિ જેવા નેતૃત્વના ગુણો વિકસાવવા બદલ આચાર્ય શ્રી ઝીણાભાઈ દેસાઇ તરફથી તેમને મળેલ પ્રોત્સાહન તેમજ બીજા ઘણા પ્રસંગો જેવા કે, વિદ્યાવિહાર ગીતો તેમજ શાળા સમયના સંસ્મરણો આજના વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા. તેઓએ જણાવ્યું કે તેમના જીવન અને કારકિર્દીની સફળતામાં વિદ્યાલયમાંથી મેળવેલ મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને સંસ્કાર ઘડતરનું ઘણું મોટું પ્રદાન રહેલું છે.



તેઓ "Dreams Come True"ના સૂત્રમાં દ્રઢ વિશ્વાસ ધરાવે છે. તેઓએ ભારતને વિશ્વના ૫ સૌર દેશોમાં સ્થાન અપાવવા માટે ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે. તેમને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ મળેલા છે. તેઓએ જણાવ્યુ હતું કે ૨૦૦૭માં સોલર ક્ષેત્રે શૂન્ય મેગાવોટના ઉત્પાદન સામે હવે ૫૦ હજાર મેગાવોટથી પણ વધુ ઉત્પાદન પહોચ્યું છે. તેઓએ જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના રાષ્ટ્ર વિકાસના દ્રઢ રાજકીય મનોબળ હેઠળ સોલર એનર્જીને વધુ પ્રોત્સાહન આપવાથી જ આ શક્ય બન્યું છે. તેઓએ અંતમાં જણાવ્યુ કે આ સંસ્થા એ તેમની માતૃસંસ્થા છે અને આજે પણ તેઓ સંસ્થા સાથે જોડાયેલા છે અને તમે બધા વિદ્યાર્થીઓ પણ ભવિષ્યમાં સંસ્થા સાથે જોડાયેલા રહેજો. વિદ્યાર્થીઓએ તેમને તાળીઓના ગડગડાટથી વધાવ્યા હતા.

વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહે વિદ્યાર્થીઓ સાથે ખુબ સરળતાથી તેમની અલગ જ શૈલીમાં વાત કરી ખૂબ સૌહાર્દપૂર્ણ વાતાવરણ ઊભું કરી વિદ્યાર્થીઓ સાથે તાદાત્મ્યતા સાધી હતી. તેઓએ શ્રી પ્રણવ મહેતાની ઉચ્ચ સિધ્ધિઓને બિરદાવતા જણાવ્યું હતું કે વિદ્યાવિહાર પરિવાર તેમના માટે ગૌરવ અનુભવે છે. વિદ્યાર્થીઓ તેમના જીવનમાંથી પ્રેરણા લઈ ભવિષ્યમાં વિવિધ ક્ષેત્રે વિદ્યાવિહારનું નામ રોશન કરશે એવી તેમને આશા છે. અનેક પૂર્વ વિદ્યાર્થીઓએ પોતાની સાથે સમગ્ર સમાજના હિત, કલ્યાણ અને વિકાસ માટે અમુલ્ય યોગદાન આપ્યું છે અને એ જ વિદ્યાવિહારના વિદ્યાર્થીઓની લાક્ષણિકતા છે. ડૉ. વિભા નાયકે અંતમાં જણાવ્યું હતું કે આજના વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પોતાની જાતને પ્રણવભાઈની જગ્યાએ જુએ જેમ પ્રણવભાઈ આજે વિદ્યાલયના એક વિદ્યાર્થી તરીકે પોતાની જાતને અનુભવે છે.

– હેતલ ઉપાધ્યાય- શેઠ ચી. ન. મધ્યસ્થ કાર્યાલય

# માતૃભાષાનું મહત્વ

આપણે જયારે ભણતાં ત્યારે અંગ્રેજી માધ્યમની શાળાઓ આંગળી ના વેઢે ગણી શકાય એટલી હતી, જયારે આજે પરિસ્થિતિ તદ્દન વિપરિત છે, અને દુઃખ તો એ વાતનું છે કે એક-બે પ્રતિષ્ઠિત શાળાને બાદ કરતાં બીજી બધી શાળા તો મૃતઃપ્રાય સ્થિતિમાં છે એનું ભાવિ પણ આવનારા વર્ષોમાં અંધકારમય બની શકે. જો આજ માનસિકતા રહી તો. આપણે અનુભવીએ છીએ કે ગુજરાતી માધ્યમમાં છીએ એનો આપણને ગર્વ નથી અને છાતી ઠોકીને કવિ વીર નર્મદની જેમ એવું પણ નથી કહી શકતા કે, "મને ફાંકડું અંગ્રેજી ન આવડવાનો અફસોસ નથી પણ મને કડકડાટ ગુજરાતી આવડવાનો ગર્વ છે." હજુ પણ આપણી વર્ષો જુની ગુલામીની માનસિકતા ગઈ નથી. કોઈને ફાંકડું અંગ્રેજી બોલતા સાંભળી એને અહોભાવથી નિરખીએ છીએ અને આપણા માટે હીનતાની લાગણી અનુભવીએ છીએ. કેમ આવું? આપણી ભાષામાં દરેક સંબંધ માટે અલગ શબ્દ છે. આપણી ભાષામાં તો સંબોધન માત્રથી અંતરનો ઉમળકો અનુભવાય છે.

આપણી માતૃભાષા કેટલી સમૃદ્ધ છે, એમાં દિલની દરેક ઊર્મિ, લાગણીને રજૂ કરવા એક અલગ શબ્દ છે, એ શબ્દ બોલવાથી જ એનો અર્થ સમજાઈ જાય છે એ સમજાવવા દ્રષ્ટાંત આપવાની જરૂર જ ન પડે ઉચ્ચાર માત્રથી એ સમજાઈ જાય તે ભાષાની ભવ્યતા અને સમૃદ્ધિ નહીં તો બીજું શું?

ભારતીય બંધારણ મુજબ પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મેળવવું એ બાળકનો મૂળભૂત અધિકાર છે. માનવ ઈતિહાસમાં સ્થાન પામેલો એકપણ મહાન વિચારક એવો નથી કે જેનું શિક્ષણ માતૃભાષાના માધ્યમ થકી ન થયું હોય. આ સમજવા માટે ડૉ. કલામ, સોક્રેટીસ, પ્લેટો, એરીસ્ટૉટલ અને પાયથાગોરસનાં દ્રષ્ટાંત જ પૂરતાં છે. તેઓ સૌ માતૃભાષામાં જ ભણ્યાં હતાં, પરંતુ અંગ્રેજી સાહિત્યનું એમનું વાંચન ખુબ જ હતું અને એ જરૂરી પણ છે. માતૃભાષા આપણી આંખ છે અને અંગ્રેજી ભાષા આપણી પાંખ છે. બંને જરૂરી છે. માતૃભાષા પરનું પ્રભુત્વ પણ અન્ય ભાષા પરનાં પ્રભુત્વ માટે ખુબ જ ઉપકારક થાય છે.

આપણી માતૃભાષાની (કવિ કલાપી રચિત) શ્રેષ્ઠ રચના 'ગ્રામમાતા' કોઈપણ ભાષાની કવિતા સામે ગૌરવભેર ધરી શકાય તેવી છે.

વીર નર્મદે ગુજરાતી ભાષાને 'દેશાભિમાન' શબ્દ આપ્યો હતો. માણસનું 'પ્રફુલ્લન' માતૃભાષામાં જ થઇ શકે. આ માટે માતૃભાષા માટે કોઈ જ પ્રકારના 'મિથ્યાભિમાન'ની જરૂર નથી.

માતૃભાષાનો મહિમા કરવાની દિશામાં આપણે સૌએ અગ્રેસર થવાની તાતી જરૂર છે. માતૃભાષાને લુપ્ત થતી બચાવવાનો સમય હવે પાકી ગયો છે. માતૃભાષા તો આપણી મા છે એને આમ, ખોવાતી, લૂંટાતી આપણાથી ન જ જોવાય.

– સાયરાબેન શેખ, શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય

# ચી. ન. વિદ્યાવિહારમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

૨૧ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ ચી. ન. વિદ્યાવિહારના સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં વિશ્વ માતૃભાષા દિવસ ઉજવણીના કાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની શુભ શરૂઆતમાં સંસ્થાના નિયામક ડૉ. વૈશાલી શાહે કહ્યું કે પ્રાથમિક શિક્ષણ બાળકની માતૃભાષામાં જ અપાવવું જોઈએ. બાળકના વિકાસ માટે અન્ય કોઈ ભાષા સ્થાન લઈ શકે જ નહીં. માતૃભાષા અભિવ્યક્તિનું શ્રેષ્ઠ માધ્યમ છે, પ્રબળ સાધન છે. એનુ સમૃદ્ધિકરણ અને સંરક્ષણ તથા સંવર્ધન સમયે સમયે થતુ રહેવું જોઈએ. વિવિધ ચિંતકોના વિચારો રજૂ કરી આવેલ મહેમાનોનો પરિચય આપી અને તેમનું સ્વાગત કર્યું.

શ્રી જનક પટેલે (પૂર્વ તાલીમાર્થી ડી. એલ. એડ) તેમના વક્તવ્યમાં જણાવ્યું કે બાળકોના વિકાસ અને ભાષા સંવર્ધનમાં બાળગીત, વાર્તા જેટલો પ્રભાવ પાડી શકે તેટલો પ્રભાવ કદાચ બીજી કોઈ અન્ય પ્રવૃત્તિથી ન પાડી શકાય. તેમણે તેમની શાળામાં કરેલ પ્રયોગને આધારે આપણે જ માતૃભાષાનું ગૌરવ વધે એવા પ્રયત્ન કરવા જોઈએ તેમ કહ્યું.

આપણી સંસ્થાના ટ્રસ્ટી એસ. કે. શાહે કહ્યું કે શિક્ષણનું માધ્યમ ગુજરાતી જ હોવું જોઈએ અન્ય ભાષા શીખવી જરૂરી પરંતુ માધ્યમ તો ગુજરાતી જ હોવું જોઈએ તેના પર ખાસ ભાર મૂક્યો. ભાષા અને સંસ્કૃતિ અભિન્ન છે. ભાષા માણસની આગવી ઓળખ છે. બાળકો પોતાની માતૃભાષા દ્વારા જ વાતચીત, સર્જન વધારે સારું કરી શકે છે. માતૃભાષા આવડતી હશે તો વિશ્વની અન્ય ભાષા પણ સહેલાઈથી શીખી શકાશે.

સંસ્થાના સલાહકાર ડૉ. રાજેન્દ્ર જાડેજાએ પણ માતૃભાષામાં જ શિક્ષણની હિમાયત કરતાં જણાવ્યુ કે ઉચ્ચ શિક્ષણ તેમજ સ્વ-વિકાસ માટે આજના આધુનિક યુગમાં બીજી ભાષાની જાણકારી પણ હોવી જરૂરી છે, પણ માતૃભાષાના ભોગે નહીં. બાળકનું મગજ આરંભમાં સ્વર, પ્રતિકો અને અર્થ સાથે જ્ઞાનતંતુઓનો સંબંધ પોતાની માતૃભાષામાં જોડવાનું શરૂ કરે છે. બાળકના મગજનો વિકાસ તેની આસપાસના ભાષાકીય વાતાવરણ સાથે સંકળાયેલો છે. નવી શિક્ષણ નીતિમાં ત્રિભાષા શીખવવા પર ભાર મુકાયો છે. તેમણે માધ્યમ ગુજરાતી અને ઉત્તમ અંગ્રેજીની હિમાયત કરી.



ડૉ. ધર્મેન્દ્ર પટેલ (આચાર્ય, ધરમપુર શાળા) તેમણે પોતાની શાળામાં કરેલા વિવિધ પ્રયોગો અને પ્રયાસો દ્વારા શાળામાં થયેલ પરિવર્તનના આધારે શાળામાં એવી પ્રવૃત્તિ કરવી, જેથી બાળકોને શાળાએ આવવું ગમે અને સાથે સાથે ગીતો, પંચતંત્રની તથા હિતોપદેશની વાતો દ્વારા પરોક્ષ રીતે ભાષા સંવર્ધનનુ કામ થઈ શકે. માતૃભાષાના જ્ઞાનથી વંચિત રહેનાર બાળક એના સંસ્કાર, સંસ્કૃતિથી વંચિત રહી જશે, તેના વિકાસમાં ઉણપ રહી જશે અને કદાચ જીવન સંઘર્ષમય બની જશે. ભાષા બચાવવા માટે આપણે કોડિયું બની રહીએ તો ઘણું તેમ જણાવ્યું.

ડૉ. અરવિંદ ભાંડારીએ મુખ્ય મહેમાન તરીકે ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ ઉજવણીમાં પોતાના પ્રવચનની શરૂઆત પોતાના પરિવારની ભાષા મરાઠી અને અભ્યાસ સંસ્કૃત ભાષામાં કર્યો. ગુજરાતી ભાષામાં ભાષાવિજ્ઞાની તરીકે ગુજરાત યુનિવર્સિટીમાં ભાષાવિદ્ તરીકે સેવાનો પ્રારંભ કર્યો. તેમણે ગુજરાતી ભાષાની ઉત્પત્તિ વિષે કહ્યું કે પહેલા લોકો ઈંટો પર ખીલી વડે નિશાની કરી વ્યાપારના સંકેત, કરાર કરતા ત્યાર બાદ વ્યાપાર માટે જરૂર પડતાં લિપિનો ઉદભવ થયો અને લોકો લખતા થયા. સંસ્કૃત ભાષા બધી જ ભાષાઓની જનની છે સંસ્કૃત ભાષામાંથી ઘણી બધી ભાષાઓનો જન્મ થયો છે. જેવી કે મરાઠી, બંગાળી, કાશ્મીરી, ગુજરાતી, નેપાળી, સિંધી, વગેરે ભાષાઓ. આમ એમણે ભારતીય ભાષાઓના કુળની વિગતે ચર્ચા સરળ ભાષામાં કરી. તેમણે કહ્યું કે ગુજરાતી ભાષાનો જન્મ ઈન્ડો આર્યન કુળમાંથી થયો.

ગુજરાતી ભાષા ખૂબજ ઉત્તમ ભાષા છે, છતાં તે થોડી ઘણી લુપ્ત થવાના આરે છે, તેમાં જવાબદાર નીચેના પરિબળો વિષે માહિતી આપી.

૧. સ્થાળાંતર : કોઈપણ વ્યક્તિ કોઈ કારણોસર પોતાનું વતન છોડી અન્ય જગ્યાએ સ્થળાંતર કરતાં તે તે વિસ્તારની ભાષા બોલતો થયો.


૨. અન્ય ભાષાનું દબાણ : આર્થિક જરૂરિયાત રોજગારી, ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા માટે ત્યાંની ભાષા શીખવી ફરજિયાત હોઈ ગુજરાતીના સ્થાને અન્ય ભાષા પર આકર્ષાયો જેથી તેની પેઢી દર પેઢીમાંથી ગુજરાતી લુપ્ત થઈ.

૩. સામાજિક કારણ/વલણ : વ્યક્તિ પોતાની આગવી ઓળખ સમાજમાં ઊભી કરવા માટે માતૃભાષા સિવાય અન્ય ભાષા પ્રયોગ કરતો થયો, જેથી ગુજરાતીનું સ્થાન અન્ય ભાષાએ લીધું.

આ સાથે વ્યક્તિએ પોતાના વિકાસ માટે અન્ય ભાષા શીખવી ઘણી જરૂરી છે, પરંતુ માતૃભાષાના ભોગે નહીં તેનું ઉદાહરણ આપતા કહ્યું કે વિનોબા ભાવે ભૂ-દાન આંદોલન સમયે ૧૪ ભાષાઓ શીખ્યા અને દરેક રાજ્યમાં ત્યાંના લોકોનો સંપર્ક કેળવવા પ્રયત્ન કર્યો. આમ ડૉ. ભાંડારીએ વિશ્વ માતૃભાષાની ઉજવણીમાં ગુજરાતી ભાષાની ઉત્પત્તિથી આજની ગુજરાતી ભાષાની સ્થિતિ, તે થવાના કારણો સરળ ભાષામાં રજૂ કર્યા. વિશ્વ માતૃભાષા દિવસ ઉજવણી અંતર્ગત સંસ્થાના તમામ વિભાગના કુલ ૫૫ શિક્ષકોના માતૃભાષા વિશેના લેખો/સંશોધન પેપરમાંથી છ શિક્ષકોએ પોતાના લેખ વિશે સંક્ષિપ્તમાં વિચારો રજૂ કર્યા. ૫૫ લેખમાંથી શ્રેષ્ઠ ત્રણ લેખ નિર્ણાયકો દ્વારા પસંદ કરવામાં આવ્યા. જેમાં પ્રથમ ક્રમાંકે નેહા પંડ્યા - (બાલ વિદ્યાલય) બીજો ક્રમાંકે દિવ્યા ઠાકર - (અંગ્રેજી માધ્યમ શાળા) અને ત્રીજા ક્રમાંકે દિલાવરસિંહ ગોહિલ - (ડી. એલ. એડ વિભાગ) ને મહેમાનો દ્વારા પ્રમાણપત્ર અને પુસ્તક આપી સન્માનિત કરવામાં આવ્યાં.

- દિલાવરસિંહ ગોહિલ - ડી. એલ. એડ્ વિભાગ

## BOOK REVIEW




Title: Mari Priya Lok Kathao
Category:- Non Fiction (folk tale)
Author: Joravarsinh Jadav
Publisher: Pravin Publication
ISBN: 978-81-7790-206-8
Pages: 176, Cost: Rs.150
Type: Soft bound , Language: Gujarati

Author –Joravarsinh Jadav

Joravarsinh Jadav is an Indian folklorist. He has done remarkable work in Gujarati literature. He has written and edited more than 90 works on folk culture, folk literature and folk arts. He was conferred on Padma Shri Award in 2019 for his wonderful work in Gujarati literature.

About the Book

Folk tales of Gujarat are the pride of Gujarat. These are the stories that are passed on from generation to generation. They are often realistic and give us a glimpse of the culture of the society. In my opinion, Mari Priya Lok Kathao is an excellent collection of folk tales.

It is a soft bound book. The font size is large enough for comfortable reading. It is black in colour. There are some illustrations which make the story even more interesting. The book is cost effective with 176 pages. This book was published in 2013. The cover page of the book is also very attractive tempting the reader for a good read.

About the characters and story

All the stories are really interesting. I would like to share one of the stories here. The title of the story is 'Rataandhanao nu Ramkhan' (Riots of Night blinders). It is a hilarious story. The characters of this story include Devajibhai Patalia, Jivarajbhai Patalia, Govindbhai, Ramjibhai and many more characters lighting up the spirit of the literature. All these characters are humorous in nature.

The author talks about Dhandhuka village of Gujarat. The group of people visited their relatives in a nearby village at night and being suffering from night blindness, they could not see anything but they didn't want to showcase their drawback to their relatives and kept giving excuses. But how long would the excuses save them? At last after a lot of turmoil and mayhem they admitted their drawback.

The author has described the entire story humorously. This comical story will surely amaze you. I am sure you will have a lot of fun while reading these amazing stories. This book is really the best example of Gujarat's folk literature.

I would suggest all my friends to read this book so that they can enjoy the story and laugh aloud.

**- Aashka Sanghavi, STD. VIII**
Sheth C N English Medium School

## 'વાલી દર્પણ' અને 'વિદ્યા સંવાદ'

આજના વાલીઓનો ગુજરાતી માધ્યમ તરફનો ઝોંક ઘટતો જાય છે. વાલીઓનું માનવું છે કે વૈશ્વિક પ્રવાહો સાથે આગળ વધવા માટે અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ હોવું જરૂરી છે.

શૈક્ષણિક મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ શરૂઆતનો અભ્યાસ માતૃભાષામાં થાય એ ખૂબ જ જરૂરી છે. સાથે સાથે બીજી ભાષા તરીકે અંગ્રેજીને શીખવાની જલ્દી શરૂ કરવી એ પણ એટલી જ જરૂરી છે. ૨-૮ વર્ષની ઉંમર વચ્ચે બાળકો અત્યંત ઝડપથી ભાષાઓ શીખી લે છે અને બહુભાષિતાથી આ ઉંમરના બાળકોને ઘણા જ્ઞાનાત્મક લાભ થાય છે તેથી આ વયજૂથના બાળકોને પાયાના તબક્કાથી જ શરૂ કરીને માતૃભાષાને પ્રાથમિકતા આપીને બીજી ભાષા - અંગ્રેજીથી પણ પરિચિત કરાવવામાં આવે છે.

આ ઉદ્દેશથી વિશિષ્ટ વર્ગની શરૂઆત કરવામાં આવી છે. બાળકને પૂર્વ પ્રાથમિક કક્ષાએથી જ માતૃભાષાની સાથે-સાથે અંગ્રેજી ભાષામાં શ્રવણ અને કથન માટેની તક પૂરી પાડવામાં આવે છે. આગળ વધતાં ધીમે ધીમે બાળક વાંચન અને લેખન માટે પણ તૈયાર થઈ જાય છે. પૂર્વ પ્રાથમિક કક્ષાએ બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વૈચારિક સ્પષ્ટતા (conceptual clarity) માટેનો પ્રયાસ કરવામાં આવે છે.

પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન વાલી સાથે બાળકો વિશિષ્ટ વર્ગમાં કઇ રીતે અભ્યાસ કરશે તેની સ્પષ્ટતા કરવામાં આવે છે. આ ઉપરાંત, સમયાંતરે, વાલીઓ માટે બાળ ઉછેરના વર્કશોપ રાખવામાં આવે છે. જેના ભાગરૂપે ચાલુ વર્ષમાં 'વાલી દર્પણ' વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપનું સંચાલન શેઠ ચી. ન. વિદ્યાવિહારના પૂર્વ વિદ્યાર્થી શ્રી. બકુલભાઈ પટેલ સુંદર રીતે કરી રહ્યા છે. આ વર્કશોપ દ્વારા વાલીઓને પોતાના બાળકના અદ્વિતીય વિકાસના સોપાનને સમજવામાં પુષ્કળ મદદ થઈ રહી છે. વાલીઓ તરફથી સારો હકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. આ સંવાદમાં વાલીઓ સારો રસ ધરાવે છે.





બાળકના સર્વાંગી વિકાસમાં શાળાનો ફાળો અમૂલ્ય છે. શાળા અને વાલી જો એક જ વિચારધારા સાથે કામ કરે તો બાળકને એક સુંદર જીવનની ભેટ આપણે આપી શકીએ. આ હેતુસર ચી. ન. વિદ્યાવિહારની Youtube ચેનલ ઉપર 'વિદ્યા સંવાદ' (https://youtu.be/oplB7ApV4mg) વિડીયો શૃંખલાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં બાળ ઉછેર માટે ઉપયોગી થઈ રહે તેવા વિવિધ વિષયો પર જે-તે વિષયના તજજ્ઞો, શિક્ષકો અને વાલીઓ સાથે ચર્ચા કરવામાં આવે છે. આ વિડીયો જોઈને વાલીઓ ઘરે બેઠા બાળ ઉછેરનું ઘણું માર્ગદર્શન મેળવી શકે છે.

આમ, વિશિષ્ટ વર્ગના માધ્યમથી બાળકો પોતાની માતૃભાષા અને વૈશ્વિક ભાષા અંગ્રેજી એમ બન્ને ભાષાઓમાં વિચારી શકવા અને બોલવા માટેનું સામર્થ્ય પ્રાપ્ત કરશે. આ સાથે બન્ને ભાષાઓમાં ઉપલબ્ધ એવા વિશાળ બાળસાહિત્યનો પણ સારો લાભ લઇ શકશે.

- સીમા શાહ, શૈક્ષણિક નિયામક, વિશિષ્ટ વર્ગ

# વૃક્ષારોપણની સાથે સાથે....

પર્યાવરણની જાણવણી માટે અને પર્યાવરણ બચાવવા માટે સમગ્ર વિશ્વમાં સઘન પ્રયત્નો ચાલી રહ્યા છે, પણ આ પ્રયત્નો એવી વ્યક્તિઓ કરે છે કે જે ખરેખર આની ગંભીરતા સમજે છે. આજની ભૌતિક જીવન શૈલીમાં મગ્ન અસંખ્ય માનવીઓ એવા છે કે જેમને પર્યાવરણ વિશે અને તેનુ જતન ન કરવાથી ભવિષ્યમાં ઉદ્‌ભવનારી અનેક ગંભીર સમસ્યાઓ અંગે કોઇ ચિંતા જ નથી. અવા માનવીઓ ફક્ત પોતાના સુખ-સગવડ અને મોજ-શોખ માટે જ જીવતા હોય તેવું જણાય છે. વળી ઘણાં એવા પણ છે કે તેમને પૂછવામાં આવે કે તમે પર્યાવરણ માટે શું કાળજી રાખો છો? તો કહેશે કે ''અમે તો હમણાં જ વૃક્ષો વાવ્યા.'' અહીં સમજવું પડે કે ફક્ત વૃક્ષો વાવવા પુરતાં નથી. જે પ્રમાણમાં પર્યાવરણને નુકશાન થઇ રહ્યું છે તેના પ્રમાણમાં ફક્ત વૃક્ષો વાવી દેવાથી પર્યાવરણ બચી શકે તેમ નથી. અલબત્ત વૃક્ષો વાવવા અને તેનું સતત જતન કરવું ખૂબ જરૂરી છે. પણ બીજા અનેક પરીબળો એવા છે કે જો તેમના ઉપર કાબુ નહી રાખીએ તો વૃક્ષો પર્યાવરણને નહી બચાવી શકે.




પર્યાવરણનો સૌથી મોટો શત્રુ કાર્બન છે. તેમાંથી બનતા કાર્બન ડાયોક્સાઇડ અને બીજા ગ્રીનહાઉસ ગેસથી પૃથ્વીને સતત નુકશાન થઇ રહ્યું છે. મનુષ્ય દ્વારા ઉત્સર્જીત થતા આ કાર્બન અને બીજા ગ્રીનહાઉસ ગેસને ''કાર્બન ફૂટપ્રીન્ટ'' કહેવાય છે.

હાલમાં સમગ્ર વિશ્વમાં દર વર્ષે પ્રત્યેક મનુષ્ય દ્વારા આશરે ૪ ટન કાર્બન ફૂટપ્રીન્ટનુ ઉત્સર્જન થાય છે. વર્ષ ૨૦૨૧માં વિશ્વમાં આશરે કુલ ૩૫ બીલીયન મેટ્રીક ટન કાર્બન ફૂટપ્રીન્ટનું ઉત્સર્જન થયું. ડર એ છે કે આ ઉત્સર્જન વધતું જ જાય છે. વળી હથિયારોના પરિક્ષણો અને યુધ્ધ આ ઉત્સર્જનમાં અનેક ઘણો વધારો કરે છે જે નજીકના ભવિષ્યમાં પર્યાવરણ માટે ખૂબ મોટો ખતરો સાબિત થશે.

વૃક્ષારોપણની સાથે સાથે આપણે આપણી જીવનશૈલીમાં પણ ફેરફાર કરવો અનિવાર્ય છે. એશો-આરામ માટે જે ચીજ વસ્તુઓ તેમજ સાધન સામગ્રીનો આપણે ઉપયોગ કરીએ છીએ તેમાં કરકસર કરવી ખૂબ જરૂરી છે. આપણને વાહન વગર ચાલતું નથી. નજીકમાં જવું હોય તો પણ વાહનનો ઉપયોગ કરીએ છીએ. બળતણથી ચાલતા વાહનો કાર્બન ફૂટપ્રીન્ટમાં મોટા પ્રમાણમાં વધારો કરે છે. વળી આપણને ગરમી બહુ લાગે એટલે ઘરમાં, ઓફિસમાં, કારમાં, મોલ વગેરેમાં એરકન્ડીશનર વગર ચાલે નહી. અહીં ખાસ સમજવું જોઇએ કે એરકન્ડીશનર આપણને તો ઠંડક આપે છે પણ પર્યાવરણને ગરમ કરે છે. અને મોટા પ્રમાણમાં કાર્બન ફૂટપ્રીન્ટનું ઉત્સર્જન કરે છે.

મોજ-શોખ માટેની સાધન સામગ્રીનું ઉત્પાદન કરતા કારખાનાઓ પણ બહોળા પ્રમાણમાં કાર્બન ફૂટપ્રીન્ટનું ઉત્સર્જન કરે છે. આવા માનવસર્જીત ઘણાં પરીબળો છે, જેના ઉપર કાબૂ રાખવો અનિવાર્ય છે નહીં તો આ પૃથ્વી ભવિષ્યમાં મનુષ્ય માટે રહેવા લાયક નહીં રહે.

શાળાઓમાં ભણતાં બાળકોને આની ગંભીરતા સમજાવવી જોઇએ. ફક્ત વૃક્ષ વાવવાથી ચાલશે નહી તેમને સમજાવવું જોઇએ કે જીવનશૈલીમાં ભૌતિક સાધનોનો વપરાશ ઓછો કરવો અને સરળ જીવન જીવવું જોઇએ. આવા સાધનોનો વપરાશ ઓછો થશે તો જ ઉત્પાદન ઓછું થશે અને વિશ્વમાં કાર્બન ફૂટપ્રીન્ટનું ઉત્સર્જન પણ ઘટશે.

- બિમલ રાવલ

નિયામક, ચી. ન. કમ્પ્યૂટર સેન્ટર

## " Shanti "

**The painting Exhibition by Manhar kapadia**

I have seen Manhar kapadia painting with such a dedication since last two decades. As we all know he paints the serene image of Mahatma Gandhi with the live events of his great deeds. The life and philosophy of Mahatma is written by many pioneering authors worldwide, have been read and known by the mass everywhere. But hardly has been expressed through the innovative language.

Manhar Kapadia not just paints his portraits or life events narration, but depicts his legendary image with mature rendering and treatment of narrative application. He also proves his artistic expertise with his bold strokes, textured as well as voluminous surfaces. His recent works have been exhibited by him at the world famous Jehangir Art Gallery, Mumbai during 18th to 24th, January, 2022 and the show was sponsored by Gujarat Rajya Lalitkala Akademi. In his recent body of work, he represents the extra ordinary brush work and describes the iconic image of round spectacles. He created the new language of representation which is absolutely his own.

By his works he questions to the spectator how one would evaluate the Gandhi values in today's socio political background. Manhar Kapadia continues with his constant search for creating the new ways of expression. He has held several solo shows and participated in numerous group shows all over the country. His vibrant pallet of colours goes beyond the reality towards abstraction and let the viewer to enjoy the creative freedom.

The freshness of colours touches our heart. His works not being only socio political statements but creates a harmonious series of works. Manhar kapadia is a recipient of several awards at state and national levels. His works occupy a place within prestigious collections. With his works the artist never claims that he would follow the Gandhian philosophy in his life, but one can feel the flavour of kindness, cooperation and determination towards work in his personality as well as his way of living.We wish him more and more sucess in future ahead. " Shanti " The painting Exhibition by Manhar kapadia

**- Gayatri Trivedi**

Assi. Lecturer, C. N. College of Fine Arts

# વિદ્યાર્થી વિશેષ

શેઠ ચી. ન. બાલ વિદ્યાલયમાં ધો. ૫-ક માં અભ્યાસ કરતી ત્વરા રાજપુરોહિતે શાળાનું ગૌરવ વધે તેવું કામ કર્યું છે.

ફક્ત સાત વર્ષની વયે જ ત્વરાએ GCERTના અભ્યાક્રમો બાળકો દ્વારા શીખવવામાં આવતા દૂરદર્શનના વિદ્યાદર્શન કાર્યક્રમના એપિસોડમાં કામ કરવાનું શરૂ કર્યું. ત્વરાના અભ્યાસના ધોરણ કરતાં પણ આગળના ધોરણોના અભ્યાસના એપિસોડ તેને વ્યવસાયિક રીતે કરવાનો અવસર સાંપડ્યો. સાવ નહિવત રિટેક સાથે બાળ કલાકાર તરીકે ખૂબ સ્વસ્થતા સાથે કામ કર્યું. આ બધાં જ સમય સંજોગો સાથે ત્વરાનો અભ્યાસ ચાલતો રહ્યો અને એક દિવસ અચાનક દૂરદર્શનના કાર્યક્રમ નિયામક દ્વારા બાળ દિવસના ઉપલક્ષમાં એક કાર્યક્રમ તૈયાર કરવા હેતુ જાણ કરવામાં આવી. ત્વરાને તેમણે મળવા બોલાવી અને કેટલાક મુદ્દા આપ્યા. આપેલા મુદ્દા પર ત્વરાએ સુંદર રજૂઆત કરી અને તેમને ત્વરાનો આત્મવિશ્વાસ અને સ્પષ્ટ ભાષા સાથેની રજૂઆત સ્પર્શી ગઈ. આ સાથે જ નક્કી થઈ કાર્યક્રમની રૂપરેખા. ત્વરાનો શુટિંગનો દિવસ અને વિષય નક્કી થયો. વિષય હતો સાયન્સ સિટી-રની મુલાકાત તેમજ ત્યાંના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર નરોત્તમ શાહુને મળવાનું થયું.



પ્રથમ ત્વરાએ બાળ દોસ્તોને નેચર પાર્કની મુલાકાત કરાવી કે જ્યાં વિશિષ્ટ પ્રકારના ફૂલ, છોડ, વનસ્પતિઓ અને ખેલ કૂદ માટેના સાધનો મેદાન તેમજ નૌકા વિહાર માટે તળાવ, મિસ્ટ બાંબુ ટનલ અને વિશાળકાય સંકુલ બનાવવામાં આવ્યું છે.

ત્યારબાદ ત્વરાએ બાળમિત્રોને એકવેટીક ગેલેરીનો અદ્‌ભૂત નજારો બતાવ્યો. જાત ભાતની અનોખી માછલીઓનું જીવંત દ્રશ્ય ખૂબ મનોરમ્ય લાગતું હતું. સાથે સાથે ગેલેરીને જે પ્રકારે ઓપ આપવામાં આવ્યો છે તેમાં છતમાં પાણીમાં શાર્ક માછલીઓ નજરને સ્તબ્ધ જ કરી નાંખે. ખાસ પ્રકારની પ્રજાતિઓ, પેસેફિક, એશિયન તેમજ અમેરિકન એવા દસ ઝોનની માછલીઓ આ એકવેટીક ગેલેરીમાં પ્રાણ પૂરે છે. આ અદભૂત નજારો બાળકોને બતાવવામાં આવ્યો જેથી આ નવા આકર્ષણ અને માહિતીથી તેઓ પણ અવગત થાય.

ત્યારબાદ રોબોટિક્સ ગેલેરી દર્શાવવામાં આવી. આ શું રોબોટ તે વળી ડાન્સ કરે? આપણને પૂછીએ એના જવાબ આપે? આપણી સાથે ટેબલ ટેનિસ ને કેરમ રમે? વળી, ડૉક્ટરોના સ્થાને સર્જરી પણ કરે એટલું ઓછું હોય એમ ઘરની સફાઈ હોય કે મ્યુઝિકમાં ડ્રમ કે ટ્રમ્પેટ વગાડે મનોરંજન પણ કરે ને ખેડૂતોને ખેતીમાં તેમજ આપત્તિ વેળાએ કાટમાળમાંથી વ્યક્તિઓ શોધવામાં પણ પાછા ના પડે. એવા વિશાળ સંકુલમાં જુદાજુદા વિસ્તારોમાં અને વિભાગોમાં આ બધાં મનમોહક બાળ આકર્ષણો ગોઠવવામાં અને બનાવવામાં આવ્યા છે. આમ ત્વરાએ ૧૦ વર્ષની નાની ઉંમરમાં આ કાર્યક્રમને સફળ બનાવ્યો અને બધાના દિલ જીતી લીધા.

- શેઠ ચી. ન. બાલવિદ્યાલય

# યોગ્ય સમયે સચોટ માર્ગદર્શન

વિદ્યાવિહારમાં ૫૦ વર્ષથી પણ વધુ સમય તેમના કાર્યોથી શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ પ્રદાન કરનાર ઈન્દુમતીબહેન તેમજ ઝીણાભાઈ દેસાઈથી કોઈ અજાણ નથી. સાચા અર્થમાં શિક્ષકત્વને તેઓએ સાકાર કર્યું હતું. એક વિદ્યાર્થીમાં રહેલ કૌશલ્યને એક શિક્ષક, મિત્ર, માર્ગદર્શક બનીને પ્રેમથી કઈ રીતે બહાર લાવવું એમાં તેઓની હથોટી હતી.

ડૉ. સુશ્રુત પટેલે (પૂર્વ વિદ્યાર્થી-૧૯૬૦ની બેચ) જણાવેલ પ્રસંગ પરથી આપણે એ વાત જાણી શકીશું. ડૉ. સુશ્રુત પટેલ જણાવે છે કે તેમના સાત ભાઈ બહેનમાંથી ૩નું પૂરું શિક્ષણ ચી. ન. વિદ્યાવિહારમાં થયું અને બીજા ચાર ભાઈ બહેને પહેલા શ્રેયસ ફાઉન્ડેશનમાં શિક્ષણ મેળવ્યું અને પછી તેઓએ ચી. ન. વિદ્યાવિહારમાં પ્રવેશ લીધો હતો. શ્રેયસમાં પરીક્ષાઓ લેવાતી નહીં તેમજ બીજી રીતે પણ તે એક વિલક્ષણ શાળા હતી. ચી. ન. વિદ્યાવિહારથી પ્રમાણમાં નાની એવી શાળા શ્રેયસમાં ઈતર પ્રવૃત્તિઓની ભરમાર સાથે પુષ્કળ મોકળાશ અને વિદ્યાર્થીઓ પર ભણતરનો કોઈ ભાર નહીં.

શ્રેયસમાંથી ચી. ન. વિદ્યાવિહારમાં આવ્યા ત્યારે સુશ્રુતભાઈ તો ધોરણ ૮માં હતા એટલે ગોઠવાઈ ગયા પણ તેમના મોટાભાઈ કિરણભાઈ કોઈ રીતે સેટ થઈ શક્યા નહીં. પરીક્ષા કેવી રીતે આપવી, તેની કાંઈ ખબર પડે નહીં, કોઈ સમજ નહીં, પ્રશ્નપત્રના જવાબો કેવી રીતે લખવા કે પરીક્ષાની તૈયારી કેવી રીતે કરવી તેની પણ ખબર પડે નહીં. પહેલી પરીક્ષામાં જ નાપાસ થયા. જો છ માસિક અને દસમાની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થાય તો પછીના મેટ્રિકના વર્ષમાં શું થાય તે પ્રશ્ન ઊભો થયો. વર્ગ શિક્ષક વિચારમાં પડ્યા તેઓએ તત્કાલિન આચાર્ય ઝીણાભાઈ દેસાઈને વાત કરી કે આવા વિદ્યાર્થીને આગળ ના ભણવા દેવાય કેમકે તેના પાસ થવાની કોઈ ખાતરી ના આપી શકાય. મિટિંગો થઈ પણ ઝીણાભાઈ માન્યા નહીં. સુશ્રુતભાઈના બીજા ભાઈ બહેનો આ શાળામા જ સફળ કારકિર્દી સાથે ભણેલ હોઇ તેમને પાકી શ્રધ્ધા. તેઓ તેમના પિતાને પણ જાણતા. તેમના મતે વિદ્યાર્થીને બીજો અવસર આપવો જ જોઈએ. ઈન્દુમતીબહેન પાસે વાત પહોચતા ફરી મિટિંગ થઈ તેઓએ સમગ્ર પરિસ્થિતિ ઝીણવટથી સમજી અને તેઓએ અને ઝીણાભાઈએ સહુને ધીરજથી કામ લેવા સલાહ આપી. વિદ્યાર્થી કેવા પરિસરમાંથી અને કેવી પરિસ્થિતીમાંથી આવે છે તે જાણવા કહ્યું. કિરણભાઈ પાછળ વધારે વ્યક્તિગત ધ્યાન આપવું અને તેની ખાસ માવજત કેવી રીતે લેવી તે સમજાવવામાં તેઓ સફળ થયા. આ પ્રયત્નોથી કિરણભાઈ મેટ્રિકમાં સફળ થયા, મેડિકલ લાઇનમાં ગયા અને ત્યારબાદ કુશળ પ્લાસ્ટિક સર્જન પણ બન્યા. હાલ તેઓ USAમાં રહે છે.

વિદ્યાર્થીઓને જો યોગ્ય પ્રેરણા, હિમ્મત અને માર્ગદર્શન આપવામાં આવે તો તેઓ નિશ્ચિત ધ્યેય સુધી પહોચી શકે છે. જો કિરણભાઈને યોગ્ય સમયે આવું સચોટ માર્ગદર્શન ન મળ્યું હોત તો તેમની કારકિર્દી રુંધાઇ ગઈ હોત. આવા શિક્ષકો, કેળવણીકારો અને વહીવટ-કર્તાઓનું મહત્વ આજે સમજાય છે. ફરજ પ્રત્યેની આ પ્રતિબધ્ધતા જ તો વર્ષોથી વિદ્યાવિહારની લાક્ષણિકતા રહી છે.

સંદર્ભઃ "સંસ્કારમૂર્તિ ઈન્દુમતીબહેન" જન્મશતાબ્દી વર્ષ ૨૦૦૬ "પૂ. ઈન્દુમતીબહેન ચીમનલાલ શેઠ : જેવા મે જોયાં-જાણ્યાં"- ડૉ. સુશ્રુત પટેલના લેખ પરથી.

## શેઠ ચી. ન. વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહ
## ''ગ્લોબલ ફેમિના એક્સિલેન્સ એવોર્ડ''થી સન્માનિત

શેઠ ચી. ન. વિદ્યાવિહારના નિયામક ડૉ. વૈશાલી શાહને તાઃ ૯.૩.૨૦૨૨ના રોજ International Women's Day પર ડૉ. કલામ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન(DKIF) દ્વારા Global Femina Excellence Award ૨૦૨૨ થી સન્માનિત કરવામાં આવ્યા છે. વિશ્વભરની મહિલાઓ દ્વારા કોવિડ-૧૯માંથી પુનઃસામાન્ય પરિસ્થિતિ સુધીના વિષમ સમયગાળામાં તેઓના જબરદસ્ત પ્રયાસોના સન્માન બદલ નિષ્ણાત સમિતિએ તેઓની પસંદગી કરી છે. આ પસંદગી સંપૂર્ણ પણે તેમની શૈક્ષણિક લાયકાત, પ્રકાશનો/પેટન્ટ્સ/વર્કશોપ/સેમિનાર/કોન્ફરન્સ અને અન્ય અસાધારણ સિદ્ધિઓ પર આધારિત છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિને દુનિયાભરની પ્રેરણાસ્ત્રોત સમાન પ્રતિષ્ઠિત મહિલાઓમાથી તેઓની પસંદગી થવાથી તેઓને આ સન્માન પ્રાપ્ત થયું છે.




ડૉ. કલામ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન (DKIF) એ એક બિન-ધંધાદારી સંસ્થા છે, જે વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ, સંશોધકો અને શિક્ષણવિદ્દો અને કોર્પોરેટના અનુભવી વ્યાવસાયિકો વચ્ચે વર્કશોપ, સેમિનાર, સિમ્પોઝિયમ, કોન્ફરન્સ જેવી પ્રવૃત્તિઓની શ્રેણી દ્વારા સેતુ તરીકે કામ કરે છે , FDP, પ્રકાશનો અને કલા/ સંસ્કૃતિ / સંશોધન / ઈનોવેશન / રમતોને લગતી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય વિજ્ઞાન, ટેકનોલોજી, માનવતા, સામાજિક વિજ્ઞાન અને અન્ય સંલગ્ન ક્ષેત્રોમાં સંશોધન / નવીનતા / કલા / સંસ્કૃતિ / રમતગમત અને વૈજ્ઞાનિક વિચારોને પ્રોત્સાહન આપવાનો છે. DKIF યુવા સંશોધકોને ઉચ્ચ ગુણવત્તા અને આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પ્રદાન કરે છે.


આ Virtual સન્માન સમારંભ બાદ ડૉ. વૈશાલી શાહે તેઓના સંદેશમાં જણાવ્યું હતું કે આ સન્માન મળતા તેમની જવાબદારી વધી ગઈ છે, શ્રેષ્ઠ કામગીરી દ્વારા શિક્ષણ ક્ષેત્રે મહત્તમ પ્રદાન માટેની તેમની પ્રતિબધ્ધતા અને શક્તિથી ભાવિ પેઢી દ્વારા સમાજના ઉત્કર્ષમાં પોતાનું શક્ય યોગદાન આપી શકે તે માટે તેમની ઝંખના વધુ પ્રબળ બની છે. આ યજ્ઞમાં તેઓને સમગ્ર વિદ્યાવિહાર પરિવારના મહત્તમ સાથ-સહકારની આશા છે.

શેઠ ચી.ન. વિદ્યાવિહાર પરિવાર તરફથી ડૉ. વૈશાલી શાહને તેમની આ સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન. વિદ્યાવિહાર તેમના નેતૃત્વમાં પ્રગતિના ઉચ્ચ સોપાનો સર કરે એવી અભ્યર્થના.

- શેઠ ચી. ન. મધ્યસ્થ કાર્યાલય

## : વાત વિદ્યાવિહાર પરિસરની :
## પ્રકૃતિ સૌંદર્યનું સુંદર નજરાણું ''અશોક વૃક્ષ''

અશોક વૃક્ષને હિન્દુ ધર્મમાં ઘણું જ પવિત્ર, લાભદાયી અને વિવિધ મનોકામના પૂર્ણ કરનાર માનવામાં આવે છે. અશોકનો અર્થ થાય છે કે જ્યાં કોઈ પ્રકારનો શોક જ ન હોય. આ પવિત્ર વૃક્ષ જ્યાં હોય છે ત્યાં કોઈ પ્રકારનો શોક કે અશાંતિ રહેતી નથી.



અશોક એક વરસાદી વન વૃક્ષ છે. જંગલી વૃક્ષ તરીકે, અશોક એક સંવેદનશીલ પ્રજાતિ છે. તે તેના પ્રાકૃતિક વસવાટમાં દુર્લભ બની રહ્યું છે, પરંતુ છૂટાછવાયા જંગલી અશોક વૃક્ષો હજુ પણ મધ્ય અને પૂર્વ હિમાલયની તળેટીમાં, ભારતના ઉત્તરીય મેદાનોના વિખરાયેલા સ્થળોએ તેમજ મુંબઈ નજીક ઉપખંડના પશ્ચિમ કિનારે જોવા મળે છે. ખાસ કરીને ભારત, નેપાળ અને શ્રીલંકામાં અશોક વૃક્ષની કેટલીક જાતો છે. સંસ્કૃતમાં ઓછામાં ઓછા ૧૬ જુદા જુદા નામો છે, જે વૃક્ષ અથવા તેના ફૂલોનો ઉલ્લેખ કરે છે.

સામાન્ય રીતે અશોક વૃક્ષને દરેક સ્થળોએ સુંદરતાના હેતુથી લગાવવામાં આવે છે. અશોક વૃક્ષ બે પ્રકારના હોય છે. એકના ફળ નારંગી રંગના હોય છે અને બીજાના પાન કેરીના વૃક્ષના પાન જેવા હોય છે. આ વૃક્ષ ૨૫થી ૩૦ ફૂટ ઊંચું અનેક શાખાઓ વાળું ઘટાદાર હોય છે.

અશોક તેના સુંદર પર્ણસમૂહ અને સુગંધિત ફૂલો માટે મૂલ્યવાન મનાય છે. તે એક સુંદર, નાનું, ટટ્ટાર સદાબહાર વૃક્ષ છે, જેમાં ગાઢ ઝુમખાંમાં ઉગેલા ઊંડા લીલા પાંદડા હોય છે. તેના ફૂલોની મોસમ ફેબ્રુઆરીથી એપ્રિલની આસપાસ હોય છે. અશોકના ફૂલો ભારે, રસદાર ગુચ્છમાં આવે છે. તે ચળકતા નારંગી-પીળા રંગના હોય છે અને સુકાઈ જતા પહેલા લાલ થઈ જાય છે.

માંગલિક તેમજ ધાર્મિક કાર્યોમાં અશોકના પર્ણોનો ઉપયોગ કરવામાં આવે છે. ભગવાન શ્રીરામે આ વૃક્ષને શોક દૂર કરનાર વૃક્ષની ઉપમા આપી હતી. અશોક વૃક્ષનો ઉલ્લેખ રામાયણ મહાકાવ્યમાં અશોક વાટિકા (અશોકના વૃક્ષોનો બગીચો)ના સંદર્ભમાં કરવામાં આવ્યો છે જ્યાં હનુમાનજી સીતાજીને પ્રથમ વખત મળ્યા હતા.

શેઠ ચી. ન. વિદ્યાવિહારના દેરાસરના પ્રાંગણમાં અશોક વૃક્ષ વસંત ઋતુમાં સુંદર ફૂલોથી મહેકી ઉઠે છે અને વાતાવરણને આહલાદ્ક અને સુવાસિત બનાવે છે. વિદ્યાવિહારમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ચોમેર લીલી વનરાજીમાં પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે અભ્યાસ કરે છે અને તેઓ ભવિષ્યમાં પણ પ્રકૃતિ અને પર્યાવરણની જાળવણી પ્રત્યે જાગૃત રહેશે એવી આશા છે.

- હેતલ ઉપાધ્યાય, શેઠ ચી. ન. મધ્યસ્થ કાર્યાલય

# શિશુવિહાર અને બાલ વિદ્યાલય વિશિષ્ટ વર્ગની પ્રવૃત્તિઓ

## રમતોત્સવ



બાળકોના કૌશલ્ય વિકાસમાં મદદ થાય તેમજ બાળકના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની સમતુલા જળવાય અને બાળકમાં શિસ્ત, સમયપાલન, એકતા, એકાગ્રતા જેવા ગુણો ખીલે તે હેતુથી રમતોત્સવનું અયોજન કરવામાં આવ્યું.

## પેરેન્ટસ્ ઑરીએન્ટેશન પ્રોગ્રામ



શિશુવિહાર અને બાલવિદ્યાલયના વિશિષ્ટ વર્ગના વાલીઓને વિશિષ્ટ વર્ગની શિક્ષણ પધ્ધતિ અને તેની સાથે સંકળાયેલ હેતુથી માહિતગાર કરવા પેરેન્ટસ્ ઑરીએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું.

## વિજ્ઞાનમેળો



બાળકની જિજ્ઞાસાવૃત્તિને પ્રોત્સાહન મળે, વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગો અને વૈજ્ઞાનિક શોધોથી માહિતગાર થાય, આ પ્રયોગોને બાળકો અને મોટેરા સામે રજૂ કરીને આત્મવિશ્વાસ પ્રાપ્ત કરે તે હેતુથી વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવ્યું.

## વાલી દર્પણ



વાલી મિત્રોને બાળકના વિકાસ માટેના જરૂરી સોપાનો તથા વાલી તરીકે બાળકને કેવી રીતે સમજવું, કેળવવું અને આ પ્રક્રિયા માટે વાલીઓએ પોતાની અંદર શું બદલાવ લાવવો તેનું સુંદર સચોટ અને પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું.

# પૂર્વ વિદ્યાર્થીઓનું વિદ્યાવિહાર સાથે જોડાણ અને તેમના કાર્યો

વિદ્યાવિહારમાં વર્ષ ૨૦૦૬માં ઈન્દુમતીબહેનની જન્મ શતાબ્દી વર્ષે સંસ્થા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તેમને અતિ પ્રિય એવી વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિ વિદ્યાવિહારમાં શરૂ કરવાનો વિચાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સમીર શાહે મિત્રો સમક્ષ રજૂ કર્યો અને વૃક્ષ ઉછેર દ્વારા અમુક પૂર્વ વિદ્યાર્થીઓએ તેમને શ્રધ્ધાંજલી આપવાનું નક્કી કર્યું. તેઓ અમદાવાદની મધ્યમાં આવેલ પોતાની માતૃસંસ્થા સાથે એક ભાવનાત્મક તાદાત્મ્ય ધરાવતા હોઇ આ કાર્ય ધીમે ધીમે સ્વેચ્છાએ એક અભિયાનમાં ફેરવાઇ ગયું અને એ અભિયાન આજે પણ તેટલા જ ઉત્સાહથી આગળ વધી રહ્યું છે.

આજે પણ વૃક્ષ ઉછેરની પ્રવૃત્તિ સંસ્થાના સહયોગથી ખૂબ જ નિયમિત રીતે હાથ ધરાય છે. કાર્યકરોની સંખ્યામાં વધઘટ થતી હોય છે પરંતુ, અભિયાન ક્યારેય અટક્યું નથી. સંસ્થાના જ પૂર્વ વિદ્યાર્થી તેમજ અન્ય મિત્રો દરરોજ સવારે સંસ્થાના પરિસરમાં આવે છે અને ખૂબ જ આનંદ સાથે આ કાર્ય કરી રહ્યાં છે. થોડા વિદ્યાર્થીઓ આ કાર્ય સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા છે અને અમુક વિદ્યાર્થીઓ પરોક્ષ રીતે જોડાયેલા છે જેઓ આ કાર્યમાં આર્થિક સહયોગ આપે છે. પૂર્વ વિદ્યાર્થી શ્રી અપૂર્વભાઇ કાપડીયાએ ટપક પદ્ધતિ માટે જરૂરી તમામ વ્યવસ્થા કરી આપી અને આજે મોટા ભાગના રોપા / વૃક્ષને ટપક પદ્ધતિથી જ પાણી આપવામાં આવે છે. આ કાર્યમાં પૂર્વ વિદ્યાર્થીઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી સમીર શાહ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી શિલ્પીન મઝમુદાર, શ્રી જીગેન શેરદલાલ તેમજ બીજા મિત્રો પણ સાથ આપી રહ્યાં છે.



વિદ્યાવિહારમાં વૃક્ષ ઉછેરના આ બહોળા અનુભવ પરથી શ્રી સમીર શાહને પ્રેરણા મળી અને તેઓએ 'વૃક્ષ ઉછેર' નામનું પુસ્તક લખ્યું. તેઓ લખે છે કે દરેક સજીવના અસ્તિત્વનો આધાર વૃક્ષ ઉપર રહેલો છે અને માટે વૃક્ષ ઉછેર એક એવી પ્રવૃત્તિ છે કે જેના દ્વારા આપણે સીધે સીધું જીવન દાન કરી શકીએ છીએ. આજે કુદરતી વાતાવરણ તદ્દન બદલાઈ ગયું છે. માનવવસ્તી અને તેની જરૂરિયાતોમાં ખૂબ જ વધારો થતાં વિનાશક આફતોનો સામનો કરી રહ્યા છીએ. અનિશ્ચિત અને વિષમ વાતાવરણના વારંવાર અનુભવો થવા લાગ્યા છે ત્યારે આશાનું એક માત્ર કિરણ એ ખૂબ જ મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ અને તેની નિયમિત જાળવણી છે.

વૃક્ષોની સંખ્યાને ધ્યાનમાં રાખીને, અમદાવાદના એક જાણીતા સમાચારપત્રમાં વિદ્યાવિહારના પરિસરને, અમદાવાદ શહેરના ફેફસા તરી કે વર્ણવવામાં આવ્યું છે. થોડા સમય પહેલા સંસ્થાના પરિસરની અંદર અને બહારના રસ્તા ઉપરનું તાપમાન માપવામાં આવ્યું ત્યારે જણાયું કે, સંસ્થાની અંદરનું તાપમાન બહારના તાપમાન કરતા ૪ ડિગ્રી ઓછુ હતું. થોડા વર્ષો પહેલા પર્યાવરણની જાળવણી માટે સંસ્થાને પારિતોષિક આપવામાં આવ્યું હતું ત્યારે સંસ્થાના વહીવટકર્તાઓએ આ સન્માન મેળવવામાં વૃક્ષ ઉછેરના અભિયાનમાં જોડાયેલા કાર્યકરોનો પણ મોટો ફાળો છે તેવું સહર્ષ સ્વીકાર્યું હતું.

સંદર્ભ: પુર્વ વિદ્યાર્થી શ્રી સમીર શાહનું 'વૃક્ષ ઉછેર'
પુસ્તક અને ગુજરાત ટાઇમ્સ ન્યુયોર્ક આવૃત્તિ

## ફાઇન આર્ટસ્‌ની પ્રવૃત્તિ



તા. ૨૪ થી ૩૦ ડિસેમ્બર-૨૦૨૧ દરમ્યાન સંસ્થામાં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા 'ટેરાકોટા' વિષય ઉપર આર્ટીસ્ટ કેમ્પનું આયોજન થયું.



ડિસેમ્બર-૨૧માં સંસ્થામાં વિદ્યાર્થીઓ સમક્ષ લેન્ડસ્કેપ આર્ટીસ્ટ દ્વારા લાઇવ લેન્ડસ્કેપના ડેમોન્સ્ટ્રેશનનું આયોજન થયું. તેમાં મુખ્ય કલાકાર તરીકે સંસ્થાના પુર્વ અધ્યાપક અને નામી ચિત્રકાર શ્રી નટુભાઇ પરીખ મુખ્ય સ્થાને હતા.



ગુજરાત રાજ્ય લલીત કલા અકાદમી તથા વેસ્ટઝોન કલ્ચર સેન્ટર દ્વારા આઝાદીના અમૃત મહોત્સવના ભાગ રુપે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

# કૌશલ્ય નિર્માણ

શેઠ સી. એન. વિદ્યાવિહાર સંકુલમાં શેઠ ચી. ન. ટેકનીકલ સેન્ટરમાં ધોરણ ૧૦ પાસ અને ધોરણ ૯ પાસના વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી શિક્ષણ આપતા અભ્યાસક્રમો ચાલે છે. આ સંસ્થા વિદ્યાર્થીઓમાં કૌશલ્ય નિર્માણનું કાર્ય કરે છે. સંસ્થામાં મહત્તમ પ્રાયોગિક શિક્ષણ આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીઓ અભ્યાસક્રમ પૂરો કરી સ્વરોજગાર કરી શકે.

છેલ્લા બે વર્ષથી સંસ્થામાં ઈલેક્ટ્રીકને લગતા નાના મોટા કામ પણ ઈલેક્ટ્રીકલ વિષયના વિદ્યાર્થીઓ દ્વારા આચાર્ય અને ઈન્સ્ટ્રક્ટરના માર્ગદર્શન નીચે કરાવવામાં આવે છે. જેનાથી વિદ્યાર્થીઓની કાર્યકુશળતામાં વધારો થાય છે. તેમજ કામ કરવાનો આત્મવિશ્વાસ વધે છે. સાથે સાથે વિદ્યાવિહારની વિવિધ સંસ્થાઓની ઈલેક્ટ્રીકની સમસ્યાઓનું નિરાકરણ પણ ઝડપથી થાય છે.



વર્ષ ૨૦૨૦-૨૧માં સંસ્થાની લાઈબ્રેરીનું નવું વાયરીંગ કરવામાં આવ્યું. વર્ષ ૨૦૨૧-૨૨માં વિદ્યાલયમાં ઈલેક્ટ્રીકલ ફોલ્ટના કારણે વારંવાર સપ્લાય બંધ થતો હતો. સંસ્થામાં કામ કરતા ઈલેક્ટ્રીશીયન દ્વારા પણ આ ખામી દૂર ન થઈ શકી. ત્યારબાદ મધ્યસ્થ કાર્યાલય દ્વારા આ સમસ્યા વિષે ટેકનિકલ સેન્ટરને જાણ કરવામાં આવી અને તે સમસ્યા દૂર કરવાની જવાબદારી સેન્ટરે સ્વીકારી. સંસ્થાના ઈલેક્ટ્રીકલ અભ્યાસક્રમના શિક્ષક તેમજ ઈલેક્ટ્રીકલ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓએ સાથે મળી આચાર્યના માર્ગદર્શન નીચે ત્રણેક દિવસ સુધી કામ કરી સમસ્યાનું નિરાકરણ કર્યુ. તેવું જ કામ સી. એન. ફાઈન આર્ટસ કોલેજમાં પણ કરવામાં આવ્યું. તદ્‌ઉપરાંત વિદ્યાર્થીઓના પ્રાયોગિક જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી ચી. ન. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલની લેબોરેટરીના મીટરોનું રીપેરીંગનું કામ પણ કર્યુ. વિદ્યાલયની ફીઝીક્સ લેબના ઘણાં મીટરો, પાવર સપ્લાય વગેરેનું રીપેરીંગ કામ પણ કરવામાં આવ્યું. આ બધા કામના કારણે વિદ્યાર્થીઓના કાર્ય કૌશલ તેમજ આત્મવિશ્વાસમાં વધારો થયો.

વર્ષ ૨૦૨૨-૨૩માં વિદ્યાવિહારની શાળાના બાળકોને ઈલેક્ટ્રીક અંગેનું પાયાનું જ્ઞાન મળી રહે તેવા ઉદ્દેશથી પંદર દિવસે એક વાર શાળાના ૮-૯-૧૦ ધોરણના વિદ્યાર્થીઓ માટે વર્કશોપ રાખવાનું પણ વિચારી રહયા છીએ.

આ પ્રકારની કામગીરીથી વિદ્યાર્થીઓના કાર્યકૌશલ અને આત્મવિશ્વાસની સાથે સંઘભાવના, સંસ્થા માટેની કદર, સંસાધનોનો ઉપયોગ વગેરે જેવા મૂલ્યોનું સિંચન વિદ્યાવિહારની પ્રણાલી મુજબ અનુભવો પરથી થઈ રહ્યું છે. સમાજને કૌશલ્યવર્ધક કુશળ નાગરિકોની સાથે ઉત્તમ સામાજિક મૂલ્યોવાળા નાગરિકો પણ વિદ્યાવિહાર દ્વારા પ્રાપ્ત થઈ રહ્યા છે.

- ગજાનંદ ગોહિલ

આચાર્ય, શેઠ ચી. ન. ટેકનિકલ સેન્ટર

# બાલ વિદ્યાલય - વિદ્યાર્થીઓની સિદ્ધિ



નડિયાદ મુકામે સ્વર્ણિમ સ્પોર્ટસ્ યુનિવર્સિટી તથા ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા આયોજીત હરીફાઈમાં શેઠ ચી. ન. બાલ વિદ્યાલય ધોરણ ૪ ક માં ભણતો પટેલ અથર્વ ભાગ્યેશભાઈ ટેનિસ બોલ થ્રોમાં સિલેક્ટ થયો છે.



ઝોન કક્ષાની ચેસની ટુર્નામેન્ટમાં અન્ડર ૧૪ની હરીફાઈમાં શેઠ ચી. ન. બાલવિદ્યાલયમાં ધોરણ ૪-અમાં અભ્યાસ કરતો પરીખ ધ્રુવ વિજેતા થયેલ છે હવે તે ડિસ્ટ્રિક્ટ લેવલ ઉપર રમવા જશે ધ્રુવે શેઠ ચી. ન. બાલવિદ્યાલયનું ગૌરવ વધાર્યું છે.



ખેલ મહાકુંભમાં ચી. ન. બાલ વિદ્યાલયના અને વિશિષ્ટ વર્ગના ૨૧૦ બાળકોની રંગ ભવનના ટ્રેક ઉપર હરીફાઈ થઈ હતી. જેમાંથી ૧૦ બાળકો રનીંગમાં અને ૧૦ બાળકો સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પમાં વિજેતા થયા હતા.

## શ્રી ઝીણાભાઇ દેસાઈને મળેલા રાષ્ટ્રીય પારિતોષિક સન્માન સમારંભમાં ઇન્દુમતીબહેનનું સ્વાગત પ્રવચન

તાઃ ૪થી માર્ચ, ૧૯૬૨

સ્વતંત્રતા મળ્યા પહેલા સ્વરાજની લડત શરુ કરતાં જ પૂજ્ય ગાંધીજીએ જોયું હતુ કે દબાયેલી પ્રજાને ઉભી કરવી હોય તો તેના શિક્ષણ અને સંસ્કાર સુધારવા અને નવેસરથી તેનું પુનઃઆયોજન કરવું જરૂરી છે.

મહાત્માજીએ તેમની કેળવણી વિષયક દ્રષ્ટિ, તેનું આખું શાસ્ત્ર અને તેના વ્યવહારુ અમલને, રાષ્ટ્રને પોતાની છેલ્લી અને સૌથી મહામુલી ભેટ ગણાવી હતી. તેમને મન પોતાના જીવનનો નિષ્કર્ષ પાયાની અને નયી તાલીમમાં આવી જતો હતો.



શિક્ષણ અને સંસ્કારનું મહત્ત્વ આપણે ત્યાં પ્રાચીન કાળથી સ્વીકારાયેલું છે. રાષ્ટ્ર અને પ્રજાનો ઉત્કર્ષનો મૂળ પાયો પ્રજાના ચરિત્ર ઘડતર, સંસ્કાર અને વિનય છે એ સત્યનું દર્શન આપણે ત્યાં પહેલેથી થયેલું અને પ્રજા વિનય, સંસ્કાર અને વિદ્યાને રક્ષણ અને ભરણ પોષણ કરતા આગળ અને ઊંચું સ્થાન અપાયું હતું. કેવળ રક્ષણમાં અને જીવન ધોરણમાં વધારો થયા કરે અને પ્રજામાં વિનય, સંયમ, સંસ્કાર આદી શ્રદ્ધાઓની સમજ ન કેળવાય તો એ પ્રજાઓનું શું થાય છે તે આપણે રોમ, ગ્રીસ વગેરે પ્રાચીન રાજ્યોના ઈતિહાસમાંથી જાણીએ છીએ અને આજે પણ મોટા સમૃદ્ધ, સાધન સંપન્ન દેશોને પણ આજ ચિંતા કરતા આપણે જોઈએ છીએ. ભારત સરકારે કેળવણીનો પ્રસાર અને ગુણવત્તા વધારવા અનેક પ્રયાસો કર્યા છે. અધ્યાપન અને અધ્યાપક જુદા પાડી શકાતા નથી. અધ્યાપન ક્ષેત્રે ભારતમાં જ આચાર્ય અને અધ્યાપકનું બહુમાન થાય છે, તે વિનય અને સંસ્કારનું બહુમાન છે. આચાર્ય કોણ ગણાય? કેવળ એક સંસ્થાના મુખ્ય અધ્યાપક હોય, ઘણા વિદ્વાન હોય અથવા મુખ્ય વ્યવસ્થાપક હોય તે નહિ પણ આપણા પૂર્વાચાર્યોએ તેનો માપદંડ મુક્યો છે તે પ્રમાણે :-

**"શાસ્ત્રોમાંથી સત્ય શોધે અને પોતાના, પોતાની સંસ્થાના અને સમાજના આચારમાં તે ઉતારે, ઉતારવા સતત પ્રયત્નશીલ રહે તે જ આચાર્ય કહેવાય."**

પ્રજાના સંસ્કાર અને ઘડતર, બાળકોનો વિકાસ અને સંભાળ ફક્ત વિદ્વતા કે વ્યવસ્થાથી નથી થતા પણ તે માટે આચાર્યમાં પોતાનામાં તે જીવન દ્રષ્ટિ હોવી જોઈએ અને વ્યક્તિગત તેમજ સમાજ જીવનમાં તેના પાલનની ઝંખના આવશ્યક છે.

બાળકને પોતાને વિકાસ કરવો જ છે. તેને પ્રેમની ઉષ્મા મળે, સમજ અને સહાનુભુતિવાળું માર્ગદર્શન મળે, સારું વાતાવરણ અને જીવન જરૂરિયાતો મળે તો તે ખીલશે અને પોતાનો ફાળો જગતને આપશે. તેને જોઈએ છે પ્રેમ, સમજ અને પોતાનાપણાની ભાવના. લોકશાહી રીતરસમમાં વ્યક્તિ અને સમષ્ટિ બંનેની સમતુલા એક સરખી સચવાય તે મૂળ પાયાની વાત છે. નયી તાલીમ કે પાયાની કેળવણીમાં પણ મહાત્માજી આજ વસ્તુ આપણને આપી ગયા છે. ઉદ્યોગ, સામાજિક વાતાવરણ અને પ્રકૃતિ વચ્ચે સમન્વય સાધવો અને તે દ્વારા વ્યક્તિ અને સમાજ પ્રત્યેની જવાબદારી બાળકમાં કેળવાય તેમાં જ બાળકનું અને સમાજનું કલ્યાણ છે. અમેરિકામાં પણ Head, Heart Hand અને Homeના સમન્વય અને વિકાસ માટે 4H Clubs કરીને સમાજને મુંજવતો આ એક મોટો પ્રશ્ન ઉકેલવા પ્રયાસ થઇ જ રહ્યો છે.

સૌજન્યઃ શેઠ ચી. ન. સ્મૃતિ કેન્દ્ર / આર્કાઈવલ સેન્ટર

## "મારી શાળા"

બાળદેવોની ચહલ-પહલથી સુંદર શોભે મારી શાળા,<br>
બાળકોના શોર-બકોરથી જીવંત લાગે મારી શાળા.

અચાનક આવેલી મહામારીએ સુની કરી દીધી મારી શાળા,<br>
બાળકો વિના ખંડેર ભાસે, સદાય જીવંત લાગતી મારી શાળા.

ખાલી બેન્ચીઝ, ખાલી ઓરડાં, ખાલી થઈ ગઈ મારી શાળા,<br>
જેમ પ્રાણ વિના શરીર હોય, એમ હવે દિસે છે મારી શાળા.

છે બગીચામાં ફૂલો ઘણાં પણ, બાળફૂલો વિના સુની મારી શાળા,<br>
જાણે ક્યારની રાહ જોતી બાળદેવોની એવી લાગે મારી શાળા.

હાશ, મહામારીની થઇ હાર, ફરી જીવંત થઇ મારી શાળા,<br>
ફરી બાળકોના શોરબકોરથી થનગની ઉઠી મારી શાળા.

ખંડેર ભાસતા ઓરડાંમાં જીવ આવતાં ખીલી ઉઠી મારી શાળા,<br>
પ્રાર્થના મંદિરમાં બાળદેવોની પધરામણીથી ગુંજી મારી શાળા.

- હિમાલી શાહ<br>
શેઠ ચી. ન. શિશુવિહાર

## Two CN Sports Academy Hockey Players to Play on Gujarat State Team in 12th Women's Junior Nationals

PRACHI CHAUHAN AND KAVYA SHAH of CN Vidyalaya who play hockey at CN Sports Academy (CNSA) have been selected to represent Gujarat State team in the 12th Women's Junior Nationals taking place in Kakinada in Andhra Pradesh from 25th March to 3rd April 2022. The team is placed in Group H which has teams from Andhra Pradesh, Karnataka, West Bengal besides the Gujarat team. Both these girls train under CNSA coach Francis Parmar. In the Day 3 match against Bengal Team, Kavya Shah of CNSA scored a goal for the Gujarat team.



Earlier, CNSA hockey players showed their mettle in both the Junior Girls and Junior Boys State Level tournaments. The Girls team played till the Semi-finals whereas the Boys were crowned State Champions. In this tournament, CNSA's Prachi Chauhan was awarded the BEST GOALKEEPER and CNSA's YashRathod was awarded the BEST DEFENDER. Five girls and two boys from CNSA were selected for the Ahmedabad Junior teams.

## CNSA Gymnasts Won Top Honours at State Championships

CNSA Gymnasts did Ahmedabad City proud by bagging the most medals in Artistic Gymnastics at the Gujarat State Gymnastics Competition for Sub-Junior Championships. The competition was held at Rajpipla on 27th February 2022 – a day after Ahmedabad City observed its birthday. CNSA's team of Women's Artistic Gymnastics consisted of 9 gymnasts of which 5 girls secured top honors. The medals won by CNSA Gymnasts are as under:

### Under-10 Women's Artistic Gymnastics

**Balancing Beam**

• 1st AvantikaNegi • 2nd Manashree Patel

**Floor Sequence**

• 1st Navya Shah • 2nd AvantikaNegi

**All round Champion**

• 1st AvantikaNegi • 2nd Navya Shah




### Under 12 Women's Artistic Gymnastics

**Balancing Beam**

• 1st Nishi Bhavsar • 2nd NandiniBhadani

**Floor Sequence**

• 1st Nishi Bhavsar • 2nd NandiniBhadani

**All round champion**

• 1st Nishi • 2nd NandiniBhadani

Of the above, Navya Shah is a student of CN BalVidyalaya. The other gymnasts on CNSA's team were RushviShalot, SwaraRathod, VaishviSoni and Yahvi Sharma. All these girls have been training at CNSA for the last three to five years.




Manasvi Pujara of CN Bal Vidyalaya Vishist Varg has secured third position in the Under-11 category at Zone level Khel Mahakumbh Chess tournament. Manasvi will now play at the District level. Earlier, Dhyani Vira secured second position in the Under-12 category at ward level. Both learn to play chess at CNSA under coach Rakesh Bhatti.

# Sheth C N English Medium School Enrichment Activities for students

Our nation is celebrating the 75th anniversary of India's Independence. To commemorate this, a series of events have been planned by CBSE under the title Azadi Ka Amrit Mahatosav and Ek Bharat Shreshtha Bharat.

The following activities were organized at Sheth C N English Medium School. These activities took place in a dual way in physical as well as digital form. Students participated actively as individuals or in a group by maintaining social distancing. These activities were student centric and integrated with regular curricular studies and planned to enhance their learning skills through practical. Teachers were also involved in these activities.

**October 2021**

Veer Gatha Project: This was incorporated with Ek Bharat Shreshth Bharat activity as per CBSE guidelines. Students wrote essays and poems on martyrs to offer tribute to the freedom fighters.

CNEM celebrated Ashtami as a part of Navaratri celebrations. Students played Garba and Dandiya with great enthusiasm wearing colourful costumes.

Sheth C N English Medium School participated in three activities as a part of celebration for Azadi ka Amrit Mahotsav and 100th Birth Anniversary in memory of the legend Dr. Verghese Kurien, conducted by Anandalaya School, Anand , Gujarat.



Online Quiz Completion which was based on the life and work of freedom fighters.

Poster making competition on the topic: Be the change: India Rising

Ekanki competition under Title GODHULI: to weave any one incidence of Dr. Kurien's life.

**November 2021**

Literary Fest, an activity was recommended by CBSE, where students were guided by the librarian to read folk tales of different states and prepare a book review on it. The objective was to identify, read and review such rich literary heritage and to understand the values of life lessons in the form of moral values.

As a part of Rashtriya Poshan Maah, students



visited nearby areas and offered a nutritious meal to the underprivileged children to develop sense of social responsibility.

Students participated in making projects based on the traditional methods of water storage and conservation and innovative ideas to reduce water pollution and wastage in the country. .

**December 2021**

An interactive one day workshop was held on 1st December 2021 for the library professionals to exchange ideas to enhance skills of librarians and reading habits in students.




Khelo India, an activity was suggested by CBSE where students have to understand the importance of team work and strategy planning through traditional games. Here students had chosen traditional games of Chhattisgarh like Ulaanbanti and Gidigada. Ulaanbanti is Gulaat (Summersault) whereas Gidigada is Dodge ball.

**January 2022**

The school began the year 2022 by organizing Inter House Volley Ball and Kho-Kho tournament for high school and middle school respectively, with a view to promote physical development and mental well being.

**- Rita Mukherjee**
Director, Sheth C N English Medium School

# આચાર્ય શ્રી ઝીણાભાઈ દેસાઈ

૧૯૩૮ માં અમદાવાદની શેઠ ચી. ન. વિદ્યાલયના આચાર્ય તરીકેની નિમણૂંક માટે નિમંત્રણ મળ્યું.

આદર્શના પ્રેર્યા, વધારે મોકળા કાર્યક્ષેત્રના આકર્ષણથી તેઓ અમદાવાદ આવ્યા અને ચી. ન. વિદ્યાલયના આચાર્ય તરીકે જોડાયા. અહીં એમની ભાવનાઓને અને સ્વપ્નોને ઉછેરવાની પૂરી મોકળાશ હતી. તેમની એકેએક વિકાસક ધૂનને પૂજ્ય માણેકબા અને ઈન્દુમતીબહેનનું અનુમોદન હતું તેથી તેમણે બીજાં કોઈ અરમાનો સેવ્યા વિના પૂરી નિષ્ઠાથી આ સંસ્થાના શ્રેયનું ચિંતન કર્યું. માવતરની જેમ તેનું સંગોપન કર્યું. પોતાની અભિરુચિના એમાં રંગ પૂર્યા અને એક અનેરા સંસ્કારધામનું સર્જન કર્યું. પૂજ્ય માણેકબા, ઈન્દુમતીબહેન, કાર્યકરો અને વાલીઓનો ઉત્સાહી સહયોગ મળ્યો.



ચી. ન. વિદ્યાવિહારમાં આચાર્ય તરીકે અને નિયામક તરીકે એકંદરે ૫૦ વર્ષ જેવી સેવા આપી. આચાર્ય તરીકે જોડાયા ત્યારે વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦ જેવી હતી અને એક જ સંસ્થા હતી. સમય જતાં વિદ્યાર્થીઓની સંખ્યા ૪૦૦૦ સુધી પહોંચી અને ૬૫ એકરના વિસ્તારમાં અનેક સંસ્થાઓના વટવૃક્ષ સમું શૈક્ષણિક સંસ્થાઓનું એક સુંદર સંકુલ ઊભું થયું. તેમને મન આ શિક્ષણધામ પશ્ચિમ ભારતના શાંતિનિકેતન સમું હતું. સામાન્ય રીતે માધ્યમિક શિક્ષણની સંસ્થામાં શિક્ષક કે આચાર્ય તરીકે જોડાવા માટે શિક્ષક તરીકેની તાલીમી લાયકાત આવશ્યક ગણાય. ઝીણાભાઈ માત્ર સ્નાતક હતા. તે બી.એડ., એમ.એડ. કે પીએચ.ડી ની પદવી ધરાવતા ન હતા છતાં તેમણે એક ખૂબ સફળ સુકાની તરીકે આચાર્યપદ શોભવ્યું. શરૂઆતથી તેમની કારકિર્દી આચાર્ય તરીકેની હતી. તેમની આગવી સૂઝ અને પ્રયોગશીલતાથી ગુજરાતને એક ખૂબ સુંદર શાળાની ભેટ મળી. જેની કીર્તિ એક સારી શાળા તરીકે ચોતરફ પંકાયેલી છે. તે ગાંધીવિચારને વરેલા હોવાથી તેમણે વિદ્યાવિહારને તે દિશામાં નેતૃત્વ પૂરું પાડ્યું. શાળામાં ખાદીનો ગણવેશ જે હજુ પણ ચાલું છે. શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાને નિસંશય સ્થાન મળે એ આગ્રહ સાથે એનો ઝોક પ્રાદેશિક અસ્મિતા પર નહી, પરંતુ ભાવનાત્મક એકતા ઉપર રહેવો જોઈએ એવો ઝીણાભાઈનો ખ્યાલ હતો. તેઓ બુનિયાદી તાલીમના આગ્રહી હતા, તેથી શિક્ષણ ઉદ્યોગ કેન્દ્રી હોવું જોઈએ તેમ માનતા હતા. આથી વિદ્યાવિહારની શાળામાં ઉદ્યોગ શિક્ષણને શરૂઆતથી સારા પ્રમાણમાં સ્થાન મળ્યું હતું. સાથે સાથે વિવિધ કલાઓના એટલા જ પુરસ્કર્તા હતા. કલા વિદ્યાલય, બુનિયાદી અધ્યાપન મંદિર, ટેકનિકલ સ્કૂલ, વ્યાયામ વિદ્યાભવનનો ઉદ્ભવ આ કારણે જ થયો હતો. સહશિક્ષણનાં ભયસ્થાનો હોવા છતાં તેમણે સહ શિક્ષણનો આગ્રહ રાખ્યો. ૧૯૬૧માં તેમને ઉત્તમ શિક્ષકનો રાષ્ટ્રીય એવોર્ડ એનાયત થયો, જેના માનમાં વિદ્યાવિહારની સંસ્થાઓમાં દર વર્ષે ઉત્તમ કાર્યકરને 'સ્નેહરશ્મિ પારિતોષિક' આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. શાળાઓના વિદ્યાર્થીઓ માટે તેમણે ભાષા અને ઇતિહાસનાં પુસ્તકો લખ્યાં - સાહિત્ય પાઠાવલી, સાહિત્ય પલ્લવ, ભારત ઇતિહાસ દર્શન, ગુજરાતના ઇતિહાસની કથાઓ, ભારત ઇતિહાસ ગાથા ભારત ઇતિહાસ સોપાન. તેમનાં ઇતિહાસ અને ભાષાનાં પુસ્તકોનો ગુજરાતની માધ્યમિક શાળાઓમાં પાઠ્યપુસ્તકો તરીકે ઉપયોગ થયો છે.

તેઓને મન વર્ગશિક્ષણ કરતાં સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને ઇત્તર પ્રવૃતિઓ વિદ્યાર્થીઓના ઘડતર માટે વધુ મહત્વની હતી. પ્રાર્થનામંદિરમાં વિવિધ કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય, અનેક મહાનુભાવો, ઉત્તમ કક્ષાનાં મહેમાનોના પ્રભાવ દ્વારા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવાય અને સંગીત, નૃત્ય, નાટય કે વકતૃત્વ જેવી અનેક પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓનું સંસ્કાર ઘડતર થાય. પ્રાર્થનામંદિરને તેઓ 'નાભિચક્ર' તરીકે ઓળખાવતા હતા. સરોજિની નાયડુ, આચાર્ય કૃપલાણી, ડૉ. રાધાક્રિશ્નન, દાદાસાહેબ માવલંકર જેવા અનેક મહાનુભવોનો વિદ્યાર્થીઓને પ્રાર્થનામંદિરમાં લાભ મેળતો હતો.

તેમનો માનવીય અભિગમ, કાર્યકરો, વિદ્યાર્થીઓ અને વાલી ઓ સાથેનો જીવંત અને અંગત સંપર્ક તેમની સફળતા માટે ચાવીરૂપ હતા. આચાર્ય તરીકે નિવૃત થયા પછી પણ આ બધા સાથે તેમણે સતત સંપર્કમાં રહેવાનું રાખ્યું. તેમના પ્રસન્ન મધુર વ્યક્તિત્વથી અને અકૃત્રિમ સ્નેહથી અનેકોના મિત્ર એવા કવિ અને કેળવણીકાર જીવનના ઉચ્ચ વ્યવહારનાં ક્ષેત્રો તરફ વળ્યા.

તેમણે પ્રાથમિકથી માંડી અનુસ્નાતક કક્ષા સુધીના શિક્ષણના જુદા જુદા તબક્કાઓમાં જૂના મુંબઇ રાજય અને ગુજરાત રાજ્યની વિવિધ શિક્ષણ સમિતિઓના સભ્ય અને કેટલીકના પ્રમુખ તરીકે મુંબઈ, ગુજરાત અને સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ અને વિવિધ અધિકાર મંડળોના સભ્ય તરીકે, ગુજરાત યુનિવર્સિટીના સિન્ડીકેટના બે દાયકા જેટલા સમય માટે સભ્ય તેમજ ત્રણ વખત તેના કાર્યકારી કુલપતિ તરીકે સેવા આપી. તેમની કુનેહથી અનેક જટિલ પ્રશ્નો ઉકેલાયા. ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાથી અનેક અધિકાર મંડળોમાં પોતાના વિચારે અને કાર્યોથી તે એવા વ્યાપી ગયાં હતા કે જે થોડાક કેળવણીકારોની વિચારમુદ્રા ગુજરાત યૂનિવર્સિટીમાં અંકિત થઈ છે, તેમાં સ્નેહરશ્મિનું મહત્વનું સ્થાન છે. ૧૯૬૦ અને ૧૯૬૨માં દિલ્હીમાં ભરાયેલ આંતરરાષ્ટ્રીય સેમિનારમાં વિશિષ્ટ ફાળો આપ્યો. ગુજરાત રાજ્યની એજ્યુકેશનલ કાઉન્સિલના સભ્ય રહ્યા.

સ્નેહરશ્મિનું નામ બે રીતે સાર્થક છેઃ શિક્ષણ ક્ષેત્રે 'સ્નેહના શબ્દ'ના અને સાહિત્ય ક્ષેત્રે 'શબ્દના સ્નેહ'ના તેઓ ઉત્સાહી સમર્થક અને પ્રયોગકાર રહ્યા છે. એમનામાંના કવિ અને આચાર્ય અન્યોન્યના પૂરક -પોષક રહીને તેમના માનવતાવાદી વ્યક્તિત્વને મીઠો ઉઘાડ મળ્યો છે.

- સંદર્ભઃ "શ્રીમતી ઈન્દુમતી ચીમનલાલ શેઠ
જન્મશતાબ્દી વિદ્યાવિહાર અંક ૨૦૦૬"